- પ્રાથમિક સારવાર આપવાનો મુખ્ય ઉદ્દેશ્યો નીચે મુજબ છે : જેના દ્વારા અનિચ્છનિય પરિસ્થિતિઓને નિવારી શકાય છે :

1. જીવન રક્ષા
2. ગંભીર ઈજા થતી રોકવી
3. દર્દના લક્ષણોને ઘટાડવા
4. શક્ય તેટલી ઝડપથી ઈજાગ્રસ્તોને તબીબી સારવાર અપાવવી.

## પ્રાથમિક સારવાર આપનાર વ્યક્તિનાં લક્ષણો

### 1. નિરીક્ષણ કળા

- ઈજાગ્રસ્ત અને તેની આસપાસ રહેલી વસ્તુઓના બારીક નિરીક્ષણ દ્વારા, જે - તે સ્થળ પર જ વ્યક્તિને પ્રાથમિક સારવાર મળી રહે તે માટેના સંસાધનો મળી રહે છે.

### 2. કાર્યક્ષમતા અને સમજદારી

- દર્દીને આપવામાં આવતી સારવાર અંગે તેની સમજ અને અન્ય વ્યક્તિઓને માર્ગદર્શન કરવાની આવડત હોવી જોઈએ.

### 3. આંતરસૂઝ

- સૈદ્ધાંતિક જ્ઞાનના બદલે વિશેષ પરિસ્થિતિઓમાં વ્યક્તિના આંતરસૂઝ પર ગંભીર પરિસ્થિતિઓનું સમાધાન થાય છે

### 4. આત્મવિશ્વાસ અને સંયમ

- અકસ્માત, ગંભીર પરિસ્થિતિઓમાં આત્મવિશ્વાસ અને સંયમના અભાવે પરિસ્થિતિઓ વણસી શકે છે. આત્મવિશ્વાસી અને સંયમી વ્યક્તિ ઈજાગ્રસ્ત વ્યક્તિના સગાંઓને સાંત્વના આપી શકે છે.

## પ્રાથમિક સારવારનો ઉદ્દેશ્ય

- તબીબી સંભાળ કે જેના અંતર્ગત પ્રાથમિક સારવારનો પણ સમાવેશ થાય છે, તેનો મૂળ ઉદ્દેશ્ય જીવન રક્ષણનો અને મૃત્યુના જોખમને ઘટાડવાનો છે.
- યોગ્ય અને સમયસર કરવામાં આવતી પ્રાથમિક સારવાર દર્દીના શારીરિક પીડાને મહદ્અંશે ઘટાડવામાં મદદરૂપ બને છે.
- પ્રાથમિક સારવાર દ્વારા દર્દીની સ્થિતિને વધુ ગંભીર બનતા અટકાવી શકાય છે.
- એ નોંધવું અગત્યનું છે કે પ્રાથમિક સારવાર એ તબીબી સારવાર નથી.
- પ્રશિક્ષિત તબીબી વ્યાવસાયિક દ્વારા થતી સારવારને પ્રાથમિક સારવાર સાથે તેની તુલના કરી શકાતી નથી.
- પ્રાથમિક સારવાર અંતર્ગત, ઈજાગ્રસ્ત વ્યક્તિના શ્રેષ્ઠ હિતમાં ફર્સ્ટ એઇડર દ્વારા સામાન્ય બુદ્ધિના નિર્ણયો લેવામાં આવે છે.

## ફર્સ્ટ એઈડર (પ્રથમ સહાયક)

- ઈજાગ્રસ્ત વ્યક્તિ/દર્દીને તેના જીવન બચાવવા અને સુરક્ષા પ્રદાન કરવા પ્રાથમિક સારવારના ભાગરૂપે તબીબી સહાય પૂરી પાડે છે, જે તેની સ્વાસ્થ્ય સ્થિતિને ગંભીર બનતા અટકાવે છે તેમજ પીડિતના જીવને બચાવવા તમામ પ્રયત્નો પૂરા પાડે છે.
- હકીકતમાં, સ્વાસ્થ્ય કટોકટીની પરિસ્થિતિમાં પીડિત માટે ફર્સ્ટ એઇડર 'જીવનરક્ષક'ની ભૂમિકા ભજવે છે. જે પ્રાથમિક સારવારની તમામ પદ્ધતિ અને તેના યોગ્ય ઉપયોગની સંપૂર્ણ જાણકારી ધરાવતા હોય છે.
- આ માટે, ફર્સ્ટ એઇડર તાત્કાલિક દર્દીને સુધી પહોંચવા, પરિસ્થિતિને સમજવા અને પરિસ્થિતિ અનુસાર ઇમરજન્સી મદદ પૂરી પાડવાની તાલીમ આપવામાં આવે છે. જેથી તે દર્દીને વિલંબ કર્યા વિના સલામત રીતે હોસ્પિટલમાં લઈ જઈ શકે છે.

## ફર્સ્ટ એઈડરની જવાબદારીઓ

- ફર્સ્ટ એઇડરની જવાબદારીઓ મુખ્યત્વે ત્રણ મહત્ત્વપૂર્ણ મુદ્દાઓ સાથે સંકળાયેલી છે :

1. સલામતી,
2. સંકટનું કારણ,
3. પરિસ્થિતિનું મૂલ્યાંકન

- ફર્સ્ટ એઇડર ઘટનાસ્થળ પર પહોંચ્યા પછી સૌથી પહેલા આ ત્રણ બાબતો પર ધ્યાન આપશે અને વિલંબ કર્યા વિના તાત્કાલિક નિર્ણય લઈ એક્શન મોડમાં આવી જશે.

DEMO COPY

- આવા સમયે દર્દીને ફર્સ્ટ એઇડર દ્વારા કૃત્રિમ શ્વાસોશ્વાસ (CPR) દ્વારા મુખ વાટે અને છાતી પર પુશ-અપ કરીને શ્વાસોશ્વાસ ચાલુ કરાવવામાં આવે છે.
- જેમ કે પાણીમાં ડૂબેલા દર્દીમાં, વીજળીનો આંચકો લાગેલા, ધુમાડાથી કે શ્વાસનળીમાં વસ્તુ ફસાઇ જવાવાળા દર્દીઓમાં, વગેરે લોકોને તાત્કાલિક અને સમયસર કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ અને કાર્ડિયાક મસાજ આપવામાં આવે તો દર્દીને પુનર્જીવન મળી શકે છે.

**CPR આપવાની પદ્ધતિ**



- પ્રતિ સેકંડે 2 વાર છાતી પર પુશ કરવું.
- 1થી 8 વર્ષના બાળકને એક હથેળી વડે પુશ અપ કરવું.
- 1 વર્ષથી નીચેના બાળકને માત્ર 2 આંગળીથી પુશ અપ કરવું.



- મોટે ભાગે કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ અને કાર્ડિયેક મસાજ બંનેની જરૂર એકસાથે પડતી હોય છે, કારણ કે શ્વાસ કે હૃદય એ બેમાંથી કોઇ એક બંધ પડે થોડીવારમાં બીજું બંધ પડી જતું હોય છે. શ્વાસ બંધ થયા પછી પણ હૃદય પાંચ-દસ મિનિટ ચાલતું રહે છે.
- જ્યારે દર્દી ઝેરી પદાર્થ કે એસિડ ગળી ગયો હોય, કૃત્રિમ શ્વાસ આપનારના મોંમાં કોઇ બીમારી હોય, દર્દીના ચહેરા પર ઈજા થઈ હોય કે જડબું ભાંગી ગયું હોય ત્યારે તેનો પ્રયોગ ના કરવો જોઈએ.





હાથની સ્થિતિ

**શ્વસનમાર્ગમાં અવરોધ અને શ્વાસ રૂંધાવો**

- શ્વાસ રૂંધાવાના કારણો : 1. શ્વસનનળીમાં કોઈક વસ્તુ ફસાઇ જવી, ગળા પર ઘા થવાથી, ઝેરી ગેસ શ્વાસમાં જવાથી શરીરને મળતો પ્રાણવાયુનો પુરવઠો બંધ થતાં વ્યક્તિ ગણતરીની મિનિટોમાં મૃત્યુ પામી શકે છે. આ હાલત ગંભીર હોય છે.
- આથી પહેલાં શ્વસનમાર્ગના અવરોધને દૂર કરી કૃત્રિમ શ્વાસોશ્વાસ દ્વારા વ્યક્તિને શ્વાસોશ્વાસની પ્રક્રિયાને ફરી ચાલુ કરી શકાય છે.

## 2. રક્તસ્રાવ અને શોકની ગંભીરની હાલત

**A. રક્તસ્રાવ**

- ગંભીર ઈજા થવાના કારણે ઈજાગ્રસ્ત વ્યક્તિની મોટી રક્તવાહિનીઓ કપાઈ જવાથી થોડાક સમયમાં ઝડપી રક્તસ્રાવ થાય છે, આવી પરિસ્થિતિમાં તાત્કાલિક પ્રાથમિક સારવાર કરવામાં ન આવે તો ગણતરીઓની મિનિટોમાં જ વ્યક્તિનું મૃત્યુ થઈ શકે છે.
- સૌથી સરળ અને અસરકારક ઉપાય તરીકે ઈજાના ભાગે હૃદયના ભાગથી ઊંચા રાખી (જ્યાંથી લોહી નીકળતું હોય) સ્વચ્છ કાપડથી ખૂબ જ દબાણપૂર્વક પાટો બાંધવામાં આવે છે, જેને ટૂર્નીકેટ કહે છે. પરિણામે રક્તસ્રાવ બંધ થઈ જાય છે.



- ત્યારબાદ, તુરંત જ દર્દીને હોસ્પિટલ લઈ જવાની વ્યવસ્થા કરવી જોઈએ.
- નાકમાંથી થતાં રક્તસ્રાવ દરમિયાન, મોંએથી શ્વાસ લેવો અને આંગળી અને અંગૂઠાથી નાકને દબાવી રાખવું અને દર્દીને તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવો.

DEMO COPY

# 8 રોડ સેફ્ટી

- વર્તમાન આધુનિક યુગમાં માર્ગ અને વાહનવ્યવહાર માનવ જીવનનું એક અભિન્ન અંગ બની ગયું છે. આધુનિક પરિવહન પ્રણાલીના કારણે એક છેડાથી બીજા છેડા વચ્ચેનું અંતર સમયની ગણતરીમાં તો ચોક્કસપણે ઓછું થઈ ગયું છે, પરંતુ માર્ગ અકસ્માતોની સંખ્યામાં પણ ચોક્કસપણે વધારો થયો છે. ભારતમાં દર વર્ષે આશરે 1.5 લાખ લોકો અકસ્માતના કારણે પોતાનો જીવ ગુમાવે છે. મોટા ભાગના કિસ્સાઓમાં અકસ્માતો બેદરકારીને કારણે થાય છે અથવા તો માર્ગ સલામતીની જાગૃતિના અભાવે થાય છે. વર્તમાન સમયની માંગ અનુસાર માર્ગ સલામતીનું શિક્ષણ મૂળભૂત કૌશલ્યો જેટલું જ આવશ્યક બની ગયું છે. ભારત સરકારે વર્ષ 2005માં શ્રી એસ. સુંદરની અધ્યક્ષતા હેઠળ માર્ગ સલામતી અને ટ્રાફિક વ્યવસ્થાપક સંદર્ભે એક સમિતિની રચના કરી હતી. આ સુંદર સમિતિની ભલામણોના આધારે કેન્દ્રીય કેબિનેટે 15 માર્ચ 2010ના રોજ રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા નીતિને મંજૂરી આપી હતી.

## રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા નીતિ

- ભારત સરકાર આ નીતિ દ્વારા માર્ગ અકસ્માતોના લીધે થતા મૃત્યુદર અને બિમારીમાં ઘટાડો લાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ નીતિની મહત્ત્વપૂર્ણ બાબતો નીચે મુજબ છે :
- માર્ગ સલામતી સંદર્ભે જાગૃતિ કેળવવી.
- સરકાર સ્થાનિક સંસ્થાઓ, કેન્દ્રશાસિત પ્રદેશો અને રાજ્યોને આ સંદર્ભે જરૂરી સહાય પૂરી પાડશે.
- રાષ્ટ્રીય માર્ગ સલામતી માહિતી પ્રણાલીની સ્થાપના કરવામાં આવશે.
- માર્ગ અકસ્માતમાં ઈજા પામેલ વ્યક્તિઓને ઝડપી પ્રાથમિક સારવાર મળી રહે તથા તેમને ઝડપથી અકસ્માત સ્થળેથી નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે તે સુનિશ્ચિત કરવામાં આવશે.
- ભારત સરકાર ગ્રામીણ અને શહેરી માર્ગોની ડિઝાઇનમાં સલામતીને લગતાં ધોરણોની સમીક્ષા કરવા માટે જરૂરી પગલાં લેશે.
- સરકાર ડ્રાઇવરોની યોગ્યતા અને ક્ષમતા સુધારવા માટે ડ્રાઇવર લાયસન્સ અને તાલીમની સિસ્ટમને મજબૂત બનાવશે.
- સલામત અને કાર્યક્ષમ પરિવહન વ્યવસ્થા સ્થાપિત કરવા માટે રાષ્ટ્રીય માળખાને પ્રોત્સાહન આપવામાં આવશે.
- ભારતીય ટ્રાફિકની સ્થિતિને આંતરરાષ્ટ્રીય શ્રેષ્ઠ પ્રણાલીઓ સાથે સુસંગત કરવામાં આવશે.
- સરકાર શિક્ષણ, પ્રશિક્ષણ અને પ્રચાર અભિયાન દ્વારા લોકોમાં માર્ગ સલામતીનું જ્ઞાન અને જાગૃતિ લાવવાના પ્રયત્નો કરશે.
- શાળાના બાળકો અને કોલેજ જતાં વિદ્યાર્થીઓ તથા અન્ય નાગરિકોને રોડ સેફ્ટી મુદ્દાઓનું પર્યાપ્ત જ્ઞાન મળી રહે તે માટે સરકાર પ્રોત્સાહન કરશે.
- સરકાર સુરક્ષા કાયદાના અસરકારક અને સમાન અમલીકરણની ખાતરી કરવા માટે તથા અમલીકરણની ગુણવત્તાને વધારે મજબૂત કરવા માટે યોગ્ય પગલાં લેશે.
- સરકાર માર્ગ સલામતી માટે જરૂરી કાયદાકીય, સંસ્થાકીય અને નાણાકીય વાતાવરણ વધુ મજબૂત બને તેની ખાતરી કરવા માટે યોગ્ય પગલાં લેશે.

## સડક સુરક્ષા (રોડ સેફ્ટી) સંબંધિત દસ તથ્યો

i. વર્ષ 2030 સુધી પરિવહનના કારણે થતી ઈજાના કારણે થતા મૃત્યુ વૈશ્વિક ધોરણે મૃત્યુનું પાંચમું સૌથી મોટું કારણ બની જશે.

ii. સડક પર અકસ્માતના કારણે થતું મૃત્યુ મહત્તમ માથા પર ઈજા થવાના કારણે થાય છે. એક સારી ગુણવત્તાયુક્ત હેલમેટ અકસ્માત સમયે માથા પર થતી ગંભીર ઈજાની સંભાવનાને 70 % જેટલી ઓછી કરી દે છે.

iii. વાહન જ્યારે 50 કિમી/કલાકની ઝડપે હોય ત્યારે થતી ટક્કર એ પાંચમાં માળથી નીચે પડીએ ત્યારે થતાં પ્રભાવ જેટલી હોય છે.

iv. વાહન ચલાવતા સમયે સીટ બેલ્ટ પહેરી રાખવાથી અચાનક થતી ટક્કરનો પ્રભાવ 80 % ઓછો થઈ જાય છે અને વાહનચાલકની દુર્ઘટનાના સમયે થતાં મૃત્યુની સંભાવના 60 % જેટલી ઘટી જાય છે.

v. વાહનચાલકને વાહન ચલાવતાં સમયે સડક પર ધ્યાન કેદ્રિત રાખવાની સંપૂર્ણ આવશ્યકતા હોય છે તથા વાહન ચલાવતા સમયે મોબઈલનો ઉપયોગ શરીરની ઈન્દ્રિયોને વ્યસ્ત કરી દે છે.

vi. માર્ગ રાહદારીઓ સાથે અકસ્માત થવાની સંભાવના રાત્રીના સમયે વધી જાય છે.

vii. સામાન્ય પરિવહનની ગતિમાં 1 %નો ઘટાડો દુર્ઘટનાઓની સંખ્યામાં 2 %નો ઘટાડો કરે છે.

viii. સામાન્ય રીતે સારા ટાયરોનું મૂલ્ય વાહનના મુલ્યના 2 થી 4 % જેટલું જ હોય છે, ટાયરોની ગુણવત્તામાં સમાધાન કરવાથી વાહનને તથા અન્ય રીતે પણ નુકસાન પહોંચે છે.

DEMO COPY

1. **આદેશાત્મક રોડ ચિહ્નો (Mandatory road signs)**

- વાહનમાર્ગના નિશ્ચિત ક્ષેત્રમાં વાહનચાલકે શું કરવું અને શું ન કરવું તે દર્શાવવા આ રોડ ચિહ્નોનો ઉપયોગ કરવામાં આવે છે.
- સામાન્ય રીતે, તે ગોળાકાર અને લાલ રંગની કિનારી ધરાવતા હોય છે.
- (અપવાદ: થોભો (stop)નું ચિહ્ન અષ્ટકોણાકાર અને માર્ગ આપો (giveway)નું ચિહ્ન ઉંધા ત્રિકોણાકારનું હોય છે.)
- આ ચિહ્નોના ઉલ્લંઘન પર સજા કે દંડ થઈ શકે છે. આ ચિહ્નોના ઉલ્લંઘન પર આકસ્માત પણ થઈ શકે છે.

2. **ચેતવણીદર્શક રોડ ચિહ્નો (Cautionary road signs)**

- આ રોડ ચિહ્નો માર્ગ વપરાશકારને આગળના માર્ગ પર સંકટ/જોખમ કે પરિસ્થિતિઓ વિશે ચેતવણી આપવા માટે હોય છે.
- આ ચિહ્નો ત્રિકોણ આકૃતિમાં અને લાલ રંગની કિનારી ધરાવતા હોય છે.
- માર્ગ વપરાશકારે પોતાની સુરક્ષા માટે આ નિયમોનું પાલન કરવું જોઈએ.
- આ ચિહ્નોના ઉલ્લંઘન પર કોઈ કાનૂની કાર્યવાહી કરવામાં આવતી નથી, પરંતુ તેના ઉલ્લંઘનથી મોટી દુર્ઘટના બની શકે છે.

3. **સૂચનાત્મક રોડ ચિહ્નો (Informatory road signs)**

- આ રોડ ચિહ્નોનો હેતુ માર્ગ વપરાશકારને દિશા, ગંતવ્ય સ્થળ, માર્ગની બાજુએ વિવિધ સુવિધાઓ અંગે જાણકારી આપવાનો છે.
- આ રોડ ચિહ્નોના અનુસરણથી માર્ગ વપરાશકારોનો સમયનો વ્યય થતો નથી અને તેના ગંતવ્ય સ્થળે ઝડપી પહોંચી શકે છે.
- સામાન્ય રીતે, આ ચિહ્નો માર્ગ વપરાશકારના સફર દરમિયાન સહાયક બને છે.
- સામાન્ય રીતે, આ ચિહ્નો વાદળી રંગના હોય છે. આ ચિહ્નો પર દિશા તેમજ જે-તે સ્થળથી વિભિન્ન સ્થળો વચ્ચેનું અંતર પણ દર્શાવાયેલું હોય છે.

## મહત્ત્વપૂર્ણ ટ્રાફિક ચિહ્નો

### ફરજિયાત નિશાનીઓ
### MANDATORY SIGNS

| ચિત્ર | હેતુ |
|---|---|
|  | **થોભો** STOP |
|   | **રસ્તો આપો** GIVE WAY |
|  | **પ્રવેશ બંધ** NO ENTERY |
|  | **એકમાર્ગીય** ONE-WAY |

| | |
|---|---|
|  | **બંને સાઈડ માટે રસ્તો બંધ** VEHICLES PROHIBITED IN BOTH DIRACTION |
|  | **દરેક પ્રકારના વાહનો માટે રસ્તો બંધ** ALL MOTOR VEHICLE PROHIBITED |
|  | **ટ્રક માટે પ્રતિબંધ** TRUCK PROHIBITED |
|  | **બળદગાડી-હાથલારી માટે પ્રતિબંધ** BULLOCK CART - HAND CART PROHIBITED |
|  | **ફરજિયાત બસ સ્ટોપ** COMPULSORY BUS STOP |

DEMO COPY

- તે અંતર્ગત ગુજરાત રોડ સેફ્ટી ઓર્થોરિટીની સ્થાપના ડિસેમ્બર 2018માં કરવામાં આવી હતી.
- આ સંસ્થા ગુજરાતમાં માર્ગ સલામતીના સંદર્ભે કાર્ય કરે છે.
- આ સંસ્થા નીચે મુજબના વિભાગો સાથે સંકલન કરીને માર્ગ સલામતીના મુદ્દે મુખ્ય એજન્સી તરીકેનું કાર્ય કરે છે.
  - ગૃહ વિભાગ
  - માર્ગ અને મકાન વિભાગ
  - આરોગ્ય વિભાગ
  - શહેરી વિકાસ વિભાગ
  - શિક્ષણ વિભાગ
  - ઓર્થોરિટી કમિશનરેટ ઓફ ટ્રાંસપોર્ટ
  - નેશનલ હાઈવે ઓર્થોરીટી ઓફ ઇન્ડિયા
- આ સંસ્થાના અધ્યક્ષ ગુજરાતના પરિવહન મંત્રી હોય છે.
- આ સંસ્થાની એકઝીક્યુટીવ કમિટીનું નેતૃત્વ પરિવહન વિભાગના સચિવ કરે છે.
- આ સંસ્થાના ચીફ એકઝીક્યુટીવ ઓફિસર સેફ્ટી કમિશનર છે.

## ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ

- રાજ્ય સરકારના વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે
- જેનો મુખ્ય ઉદ્દેશ્ય રાજ્યમાં જીવલેણ માર્ગ અકસ્માતો ઘટાડવા તથા માર્ગ સલામતી ક્ષેત્રે વધુમાં વધુ વ્યક્તિઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ કામગીરી કરવા પ્રેરિત થાય તે છે.
- આ એવોર્ડ ત્રણ કેટેગરીમાં આપવામાં આવે છે :
  - i. સ્વૈચ્છિક વ્યક્તિ
  - ii. સ્વૈચ્છિક, શૈક્ષણિક અને ઔદ્યોગિક સંસ્થાઓ
  - iii. સીટી અને ડીસ્ટ્રીકટ રોડ સેફ્ટી કમિટી
- આ એવોર્ડ અંતર્ગત આપવામાં આવતી પ્રોત્સાહન રકમ નીચે મુજબ છે:
  - i. પ્રથમ સ્થાન ---- ₹ 1,25,000
  - ii. દ્વિતીય સ્થાન ---- ₹ 1,00,000
  - iii. તૃતીય સ્થાન---- ₹ 75,000

## ગુડ સમરીટન એવોર્ડ યોજના

- કેન્દ્રીય માર્ગ, પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા 100% કેન્દ્રીય પુરસ્કૃત યોજનાના ભાગરૂપે "ગુડ સમરીટન એવોર્ડ" અમલમાં મૂકવામાં આવેલ છે.
- જેનો ઉદ્દેશ્ય જીવલેણ અને ગંભીર માર્ગ અકસ્માતોમાં ઈજાગ્રસ્ત થયેલ લોકોના જીવ બચાવવા માટે અન્ય વ્યક્તિ દ્વારા તાત્કાલિક સહાયભૂત ઇજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલોમાં સારવાર માટે ઝડપી પહોંચાડનાર લોકોને સમ્માનિત કરી પ્રોત્સાહન આપવાનો છે.
- સહાયભૂત થનાર વ્યક્તિઓને "ગુડ સમરીટન એવોર્ડ" થી સમ્માનિત કરવામાં આવે છે.
- ગુડ સમરટીન માર્ગ અકસ્માતોમાં ગંભીર રીતે ઘવાયેલા વ્યક્તિઓને ગોલ્ડન અવરમાં હોસ્પિટલ ટ્રોમા કેર સેન્ટરમાં પહોંચાડનાર પરોપકારી મદદગાર વ્યક્તિ.
- જીવલેણ અકસ્માત દરમિયાન ગંભીર ઇજાગ્રસ્તોને 'ગોલ્ડન અવર' (golden hour)'માં યોગ્ય અને ઝડપી સારવાર મળી રહેતાં મહત્તમ લોકોના જીવ બચાવી શકાય છે.

## ગોલ્ડન અવર (Golden hour)

- ગોલ્ડન અવર એટલે રોડ અકસ્માત પછી તુરતનો પ્રથમ કલાક, જેમાં તાકીદની તબીબી (Emergency Medical Treatment) ખૂબ જ જરૂરી છે.
- તાકીદે ઈજાગ્રસ્તોને તબીબી સારવાર સમયસર મળવાથી ઇજાગ્રસ્તોનાં મૃત્યુને મહદ્અંશે નિવારી શકાય છે.
- યોજના અંતર્ગત જીવલેણ અકસ્માત (Fatal Accident)ની વ્યાખ્યા
- માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્ત વ્યક્તિને સારવાર દરમિયાન નિમ્નલિખિત પરિસ્થિતિઓ ઉદ્ભવે અને સંબંધિત હોસ્પિટલ દ્વારા જીવલેણ અકસ્માત અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવે તો તે અકસ્માતને જીવલેણ અકસ્માત (Fatal accident) કહી શકાય છે.
- મોટું ઓપરેશન (Major Surgery)
- ઓછામાં ઓછા ત્રણ દિવસ હોસ્પિટલમાં સારવાર હેઠળ રહેવું.
- મગજને થયેલ ઈજાઓ
- કરોડરજ્જુને થયેલ ઈજાઓ
- ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મૃત્યુ થાય

## ગૂડ સમરિટનને મળવાપાત્ર નાણાકીય સહાય (એવોર્ડ)

- દરેક રોકડ પુરસ્કાર સાથે "પ્રશંસા પ્રમાણપત્ર" આપવામાં આવે છે.
- ગુડ સમરિટન દ્વારા સ્વૈચ્છિક રીતે આપવામાં આવેલી માહિતીનો ઉપયોગ ફક્ત આ યોજના હેઠળની એવોર્ડ માટેની પ્રક્રિયા માટે કરવામાં આવશે અને અન્ય કોઈ હેતુ માટે કરવામાં આવશે નહીં.
- પરંતુ ગુડસમરિટન જેઓ તેમની વિગતો જાહેર કરવા તૈયાર નથી. તેમને આ યોજના હેઠળ એવોર્ડ આપવામાં આવશે નહીં.

DEMO COPY

# 9 ગુજરાતનો પરિચય

## ભૌગોલિક સ્થિતિ

- 1 મે, 1960ના રોજ ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન રવિશંકર મહારાજના હસ્તે સાબરમતી આશ્રમ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. માટે 1 મે ગુજરાત સ્થાપના દિવસ / ગુજરાત ગૌરવ દિવસ તરીકે ઊજવવામાં આવે છે.
- **અક્ષાંશ** : 20°.6'થી 24°.07' ઉ. અક્ષાંશ*
- **રેખાંશ** : 68°.10' થી 74°.28' પૂ. રેખાંશ*
- **ઉત્તર–દક્ષિણ લંબાઈ** : 590 કિમી.
- **પૂર્વ–પશ્ચિમ પહોળાઈ** : 500 કિમી.
- **ક્ષેત્રફળ** : 1,96,024 ચો.કિમી. (75,686 ચો.માઈલ, ભારતના કુલ વિસ્તારના 5.96%)
- **વર્તમાનમાં ક્ષેત્રફળની દૃષ્ટિએ ભારતમાં ગુજરાતનું સ્થાન** : 5 (રાજસ્થાન, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ, ગુજરાત)
- ગુજરાત ભારતના પશ્ચિમ ભાગમાં અરબ સાગરના દરિયાકિનારે આવેલું છે.

### કર્કવૃત્ત : (23.5 ઉ.અક્ષાંશ)

- ગુજરાતના ઉત્તર ભાગમાંથી 6 જિલ્લામાંથી પસાર થાય છે. જેનો પશ્ચિમથી પૂર્વ તરફના ક્રમ મુજબ (1) કચ્છ (2) પાટણ (3) મહેસાણા (4) ગાંધીનગર (5) સાબરકાંઠા (6) અરવલ્લી.
- કર્કવૃત્તને બે વાર ઓળંગતી ભારતની એકમાત્ર નદી મહીનદી છે.
- કર્કવૃત્ત પર આવેલાં મુખ્ય સ્થળો : સૂર્યમંદિર (મોઢેરા), ધીણોધર ડુંગર (કચ્છ), પ્રાંતિજ (સાબરકાંઠા)

### સીમા

- **ઉત્તર દિશા** : પાકિસ્તાન, રાજસ્થાન રાજ્ય
- **પૂર્વ દિશા** : મધ્ય પ્રદેશ
- **દક્ષિણ–પૂર્વ દિશા** : મહારાષ્ટ્ર
- **પશ્ચિમ–દક્ષિણ દિશા** : અરબ સાગર



- **નોંધ** : ધોરણ-6 સામાજિક વિજ્ઞાન (આવૃત્તિ-2020) પેજ નં. 71 પ્રમાણે ગુજરાત રાજ્ય 20°.1' ઉત્તર અક્ષાંશવૃત્તથી 24°.4' ઉત્તર અક્ષાંશવૃત્ત અને 68°.4' પૂર્વ રેખાંશવૃત્તથી 74°.4' પૂર્વ રેખાંશવૃત્ત વચ્ચે વિસ્તરેલું છે.

* Source : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણનું પુસ્તક ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ પેજ નં. 6

## સરહદી વિસ્તાર

- **રાજસ્થાન સાથે સરહદ ધરાવતા જિલ્લા** : કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ.
- **મધ્ય પ્રદેશ સાથે સરહદ ધરાવતા જિલ્લા** : દાહોદ, છોટાઉદેપુર.
- **મહારાષ્ટ્ર સાથે સરહદ ધરાવતા જિલ્લા** : છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ.
- બનાસકાંઠા રાજસ્થાન રાજ્ય સાથે લાંબી તથા કચ્છ જિલ્લા સાથે ટૂંકી સરહદ ધરાવે છે.
- છોટાઉદેપુર મધ્ય પ્રદેશ રાજ્ય સાથે લાંબી તથા દાહોદ જિલ્લા સાથે ટૂંકી સરહદ ધરાવે છે.
- **આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતો જિલ્લો** : કચ્છ (512 કિમી.)
- તાપી જિલ્લો મહારાષ્ટ્ર સાથે લાંબી તથા નવસારી જિલ્લા સાથે ટૂંકી સરહદ ધરાવે છે.
- **રાજસ્થાન રાજ્ય અને મધ્ય પ્રદેશ રાજ્ય સાથે સરહદ ધરાવતો એકમાત્ર જિલ્લો** : દાહોદ
- **મધ્ય પ્રદેશ રાજ્ય અને મહારાષ્ટ્ર રાજ્ય સાથે સરહદ ધરાવતો એકમાત્ર જિલ્લો** : છોટાઉદેપુર
- **સૌથી વધુ જિલ્લાઓ સાથે સરહદ ધરાવતા જિલ્લા** : અમદાવાદ, ખેડા, રાજકોટ, સુરેન્દ્રનગર 7 જિલ્લાઓ સાથે સરહદ ધરાવે છે.
- **એક જ જિલ્લા સાથે સરહદ ધરાવતો જિલ્લો** : વલસાડ (વલસાડ નવસારી જિલ્લા સાથે સરહદ ધરાવે છે.)

## રાજકીય સ્થિતિ

- **પ્રથમ વિધાનસભાનો પ્રારંભ** : 18 ઓગસ્ટ, 1960 (શપથવિધિ)
- **પ્રથમ ગવર્નર મહેંદી નવાઝ જંગનું ભાષણ** : 19 ઓગસ્ટ, 1960
- **વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ** : કલ્યાણજી મહેતા
- **વિધાનસભાના પ્રથમ કાર્યકારી અધ્યક્ષ** : મનુભાઈ પાલખીવાળા
- **વિધાનસભાના પ્રથમ ઉપાધ્યક્ષ** : અંબાલાલ શાહ
- **પ્રથમ વિધાનસભા** : સિવિલ હોસ્પિટલ (અસારવા, અમદાવાદ)

DEMO COPY

## જાણીતા તોરણ

| જિલ્લો | તોરણ |
|---|---|
| મહેસાણા | ◆ વડનગરનું કીર્તિતોરણ |
| પાટણ | ◆ સૂર્યમંદિરનું તોરણ (સિદ્ધપુર) |
| પોરબંદર | ◆ બાલેજનું તોરણ |
| સાબરકાંઠા | ◆ કીર્તિતોરણ (શિવપંચાયતન મંદિર) |
| ખેડા | ◆ કપડવંજનું તોરણ |
| વડોદરા | ◆ તોરણ - પ્રવેશદ્વાર ડભોઈ |

## મુખ્ય સૂર્યમંદિર

| જિલ્લો | મંદિર |
|---|---|
| મહેસાણા | ◆ મોઢેરાનું સૂર્યમંદિર |
| પોરબંદર | ◆ કિંદરખેડાનું સૂર્યમંદિર |
| સુરેન્દ્રનગર | ◆ સૂરજ દેવળનું સૂર્યમંદિર (થાન) |
| જામનગર | ◆ ગોપ (સૂર્ય) મંદિર (જામજોધપુર ) |
| દેવભૂમિ-દ્વારકા | ◆ પ્રભાસ પાટણનું સૂર્યમંદિર |
| કચ્છ | ◆ કંથકોટનું સૂર્યમંદિર (ભચાઉ) |

## જાણીતા પુલ/બ્રિજ

| નામ | સ્થળ |
|---|---|
| વિવેકાનંદ બ્રિજ (એલિસબ્રિજ) | ◆ અમદાવાદ |
| દાંડી પુલ | ◆ અમદાવાદ |
| પાડા પુલ | ◆ મોરબી |

| નામ | સ્થળ |
|---|---|
| ઝૂલતો પુલ | ◆ મોરબી |
| ગોલ્ડન બ્રિજ | ◆ ભરૂચ |
| હોપ પુલ | ◆ સુરત |

## જાણીતા દરવાજા

| જિલ્લો | દરવાજા |
|---|---|
| અમદાવાદ | દિલ્હી દરવાજા, ત્રણ દરવાજા<br>લાલ દરવાજા, આસ્ટોડિયા દરવાજા<br>પાંચ કૂવા દરવાજા, કાલુપુર દરવાજા<br>સારંગપુર દરવાજા, દરિયાપુર દરવાજા<br>પ્રેમાભાઈ દરવાજા, રાયપુર દરવાજા<br>શાહ-એ-આલમ દરવાજા, જમાલપુર દરવાજા |
| મહેસાણા | આમથેર દરવાજા (વડનગર)<br>અર્જુનબારી દરવાજા (વડનગર) |
| પંચમહાલ | અટક દરવાજા (પાવાગઢ), બુઢિયા દરવાજા (પાવાગઢ), લાલી દરવાજા (પાવાગઢ), ગડી કુંડલ દરવાજા (પાવાગઢ), સદનશાહ દરવાજા (પાવાગઢ), ગુલન બુલન દરવાજા (પાવાગઢ), બુલંદ દરવાજા (પાવાગઢ), મકઈ દરવાજા (પાવાગઢ), તારાપુર દરવાજા (પાવાગઢ), શહેરી દરવાજા (હાલોલ ચાંપાનેર), ભદ્ર દરવાજા (હાલોલ ચાંપાનેર) |

| જિલ્લો | દરવાજા |
|---|---|
| સુરત | વરિયાવી દરવાજા |
| સુરેન્દ્રનગર | ઝીંઝુવાડા દરવાજા, જીન દરવાજા (ઝીંઝુવાડા) ઢીંક દરવાજા (ઝીંઝુવાડા), મડાપોળ દરવાજા (ઝીંઝુવાડા), રાજેશ્વરી દરવાજા (ઝીંઝુવાડા) |
| જામનગર | ખંભાળિયા દરવાજા |
| દેવભૂમિ-દ્વારકા | રામપોળ દરવાજા (ઘૂમલી) |
| ગીર-સોમનાથ | વેરાવળ દરવાજા (પ્રભાસ પાટણ) |
| પાટણ | બગવાડો દરવાજા, ગુંગડી દરવાજા, મીરા દરવાજા, ભઠ્ઠીવાડો દરવાજા, ખાન દરવાજા, મોતીશાહ દરવાજા, કનસડો દરવાજા, ફાટીપાળ દરવાજા, અઘારો દરવાજા, છીંડિયા દરવાજા, ત્રિપોલિયા દરવાજા |
| વડોદરા | હીરા દરવાજા (ડભોઈ),<br>મહુડી (ચાંપોરી) દરવાજા (ડભોઈ),<br>નાંદોદી દરવાજા (ડભોઈ) |

## મહત્ત્વના કુંડ

| જિલ્લો/સ્થળ | કુંડ |
|---|---|
| ગીર-સોમનાથ | ◆ બ્રહ્મકુંડ (પ્રભાસપાટણ)<br>◆ ગંગા-જમુનાકુંડ (ઊના) |
| મહેસાણા | ◆ શક્તિકુંડ (આખજ), રામકુંડ (મોઢેરા)<br>◆ ગૌરીકુંડ (વડનગર)<br>◆ અજયપાલકુંડ, લોટેશ્વરકુંડ |

| જિલ્લો/સ્થળ | કુંડ |
|---|---|
| સુરેન્દ્રનગર | ◆ ગંગવોકુંડ (વઢવાણ)<br>◆ ત્રિનેત્રકુંડ, ત્રિદેવકુંડ (થાન)<br>◆ નળ-દમયંતીકુંડ (ઝીંઝુવાડા) |
| અમરેલી | ◆ પાંડવકુંડ (પંચકુંડ કે દ્રોપદીકુંડ) બાબરા |

DEMO COPY

## શક-ક્ષત્રપ કાળ

### ક્ષહરાત વંશ

- આ કુળમાં ભૂમક અને નહપાન નામના બે રાજાઓ થઈ ગયા, જેમાંથી ભૂમકના ગોળ આકારના તથા તાંબામાંથી બનેલા સિક્કા ગુજરાત માળવા તથા અજમેરમાંથી મળેલ છે.
- આ વંશના નહપાનની સત્તા સૌરાષ્ટ્ર અને ભૃગુકચ્છ, નાશિક-સૂપરિક સુધી હતી.
- જૈન સાહિત્ય પ્રમાણે રાજા નભોવાહન એ જો નહપાન હોય, તો તેની રાજધાની ભૃગુકચ્છ હતી.
- નહપાનના સમયમાં દક્ષિણ ભારતના શાતવાહન રાજા ગૌતમીપુત્ર શાતકર્ણીએ નહપાનને પરાજય આપીને દક્ષિણ ગુજરાતના ઘણા ભાગોમાં પોતાની સત્તા પ્રવર્તાવી હતી.

### કાર્દમક વંશ

- આ વંશના ચાષ્ટને ગૌતમીપુત્ર શાતકર્ણીએ જીતેલા ગુજરાત-માળવાના પ્રદેશો પાછા મેળવી મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી.
- ચષ્ટન પછી તેના પૌત્ર રૂદ્રદામાએ ઈ.સ. 130માં મહાક્ષત્રપનું બિરુદ ધારણ કરી કચ્છ, સૌરાષ્ટ્ર, આનર્ત, માળવા, સિંધ વગેરે પ્રદેશોમાં રાજસત્તા સ્થાપી હતી. ચાષ્ટન અને રૂદ્રદામાના સમયમાં ઉજ્જયિનીને રાજધાની બનાવી હતી.
- મહાક્ષત્રપ રૂદ્રદામાએ ગિરનારની એક મહાશિલા પર કોતરાવેલા લેખની બાજુમાં સંસ્કૃત ભાષામાં લેખ કોતરાવ્યો હતો. આ લેખમાં રૂદ્રદામાના સૌરાષ્ટ્રના સૂબા સુવિશાખે સુદર્શન તળાવનું સમારકામ કરાવ્યાનું તથા ગિરનારની પલાશિની અને સુવર્ણસિક્તા વગેરે નદીઓ પર બંધો બાંધીને સુદર્શન તળાવને વધારે વિસ્તૃત કર્યાનું વર્ણન છે. સમગ્ર ભારતમાં મળી આવેલ સંસ્કૃત ભાષાના શિલાલેખોમાં સૌથી જૂનો શિલાલેખ રૂદ્રદામાનો શિલાલેખ છે.
- રૂદ્રદામા પછી ક્ષત્રપ-સત્તા નબળી પડી. છેલ્લા ક્ષત્રપ રૂદ્રસિંહ ત્રીજાને ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ હરાવીને તથા હણીને ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી ક્ષત્રપ-સત્તાનો અંત આણ્યો. આમ, ઈ.સ. પૂર્વે પહેલી સદીથી ઈ.સ.ની ચોથી સદીના અંત સુધીમાં ગુજરાતમાં અનુક્રમે બેક્ટ્રિયન ગ્રીકો, પહ્લવો અને શક-ક્ષત્રપોનું શાસન હતું. આ પૈકી શક-ક્ષત્રપોનું શાસન ગુજરાતમાં લાંબો સમય રહ્યું હતું.
- ક્ષત્રપ રાજાઓ શૈવધર્મી છતાં સર્વધર્મસમભાવી હતા. આથી તેમના સમયમાં શૈવ, જૈન અને બૌદ્ધ તથા અન્ય ધર્મસંપ્રદાયોનો સારો વિકાસ થયો હતો.
- ક્ષત્રપ રાજાઓએ ભારતીય સંસ્કૃતિને અપનાવી ગુજરાત સહિત ભારતના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો.
- શક-ક્ષત્રપોના સમય દરમિયાન ગુજરાતમાં શક સંવત પ્રચલિત હતો. જૂનાગઢ પાસે 'બોરિયા' અને શામળાજી પાસે 'દેવની મોરી' નામના સ્થળે પ્રાપ્ત થયેલા બૌદ્ધ વિહારોના અવશેષો શક-ક્ષત્રપોના સમયના છે. જેમાં 'બોરિયા'ના સ્તૂપને સ્થાનિક લોકો 'લાખામેડી'ના નામે ઓળખે છે.

## ગુપ્તકાળ (ઈ.સ. 415થી 470)

- શકોએ ભારતના 'સુવર્ણયુગ' મનાતા સમુદ્રગુપ્તના શાસન સમયે ગુપ્તો સાથે સંધિ કરી ગુપ્તોની આધીનતા સ્વીકારી હતી.
- સમુદ્રગુપ્ત બાદના ગુપ્ત શાસક રામગુપ્ત (ઈ.સ. 375-380) દરમિયાન ગુપ્ત સામ્રાજય નબળું પડ્યું. ગુજરાતના શક રાજવી રૂદ્રસિંહ 3 એ પાટલીપુત્ર ઉપર ચઢાઈ કરતાં નિર્બળ રાજા રામગુપ્તે રુદ્રસિંહ-3 સાથે સંધિ કરી અને પોતાની પત્ની ધ્રુવસ્વામિની દેવી રૂદ્રસિંહ 3ને સોંપવાની સંધી કરી.
- રામગુપ્તના નાનાભાઈ ચંદ્રગુપ્ત બીજાએ શક રાજાને હરાવ્યો. ધ્રુવસ્વામિની દેવીને છોડાવી ત્યારબાદ પોતાના જ ભાઈ રામગુપ્તની હત્યા કરી રાજગાદી મેળવી.
- ચંદ્રગુપ્ત બીજાએ આ ઘટના બાદ ધ્રુવસ્વામિની દેવી સાથે લગ્ન કરી તેને ગુપ્ત સામ્રાજ્યના મહારાણી બનાવ્યાં.
- ચંદ્રગુપ્ત બીજા (વિક્રમાદિત્ય)એ રૂદ્રસેન ત્રીજાને હરાવી તેની હત્યા કરી અને ગુજરાત, સૌરાષ્ટ્રના ક્ષેત્રને ગુપ્ત સામ્રાજ્યમાં ભેળવી દીધું.
- ચંદ્રગુપ્ત બીજાએ વ્યાઘ્રના અંકિતવાળા સિક્કા ચલણમાં મૂક્યા હતા.
- ચંદ્રગુપ્ત બીજા પછી ગુજરાતમાં અનુક્રમે કુમારગુપ્ત અને સ્કંદગુપ્તની સત્તા પ્રવર્તી રહી.
- ગુજરાતમાં અમરેલી, મોરબી, જૂનાગઢ, અમદાવાદ, ખેડા, સાણંદ, આણંદમાંથી કુમારગુપ્તના ચાંદીના સિક્કા મળ્યા છે.

### સ્કંદગુપ્ત

- ગુજરાતમાં કુમારગુપ્તની જેમ સ્કંદગુપ્તના ચાંદીના સિક્કા પણ મળ્યા છે, જેના પર 'પરમ ભાગવત્ મહારાજાધિરાજ શ્રી સ્કંદગુપ્ત વિક્રમાદિત્ય' એવું લખાણ મળ્યું છે.
- ગિરનાર પાસેની એક જ મહાશિલા પર કોતરાયેલા મૌર્ય અશોક અને મહાક્ષત્રપ રૂદ્રદામાના લેખની બાજુમાં સ્કંદગુપ્તે કોતરાવેલો લેખ પણ મળે છે.
- આમ, ગિરનારનો શિલાલેખ એકસાથે લગભગ 700 વર્ષના ગુજરાતના ઇતિહાસ પર સારો પ્રકાશ ફેંકે છે.
- સ્કંદગુપ્તે સૌરાષ્ટ્રના સૂબા તરીકે પર્ણદત્ત નામે અધિકારીની નિમણૂક કરી હતી.
- પર્ણદત્તે ગિરિનગરના નગરપાલક તરીકે તેના પુત્ર ચક્રપાલિતને નીમ્યો હતો.

DEMO COPY

## વ્યક્તિ વિશેષ

### મહારાજા સયાજીરાવ ગાયકવાડ

- **જન્મ :** 1863
- **જન્મ સ્થળ :** કૌલાણા (મહારાષ્ટ્ર)
- **અવસાન :** 1939 (વડોદરા)
- **પિતા :** કાશીરાવ ગાયકવાડ
- **માતા :** ઉમારબાઈ
- **મૂળ નામ :** ગોપાળરાવ
- કંપની સરકારે વડોદરાના મહારાજા ખંડેરાવના મૃત્યુ બાદ વડોદરા રાજ્યને ખાલસા ન કરતા દામાજી ગાયકવાડના ભાઈ ઝીંગોજી ગાયકવાડના વંશજો પૈકી ત્રણ ભાઈઓને માલે ગામ તાલુકાના કૌલાણા ગામમાંથી બોલાવી ને વચેટભાઈ ગોપાળરાવને પસંદ કર્યા અને ખંડેરાવની વિધવા જમનાબાઈ પાસે તેમને દત્તક લેવડાવ્યા.
- વડોદરાના દીવાન માધવરાવે મહારાજા સયાજીરાવ ત્રીજાને શાસન માટે તૈયાર કરતાં આપેલાં વ્યાખ્યાનોનો સંપુટ 'માઇનર હિન્ટ્સ' અંગ્રેજીમાં અને 'શાસન-સૂત્રો' શીર્ષક હેઠળ ગુજરાતીમાં પ્રકાશિત થયેલાં છે.
- સયાજીરાવે કાપડની મિલોને પ્રોત્સાહન આપ્યું, તેના કારણે વડોદરામાં કાપડ ઉદ્યોગ વિકસ્યો.
- તેમણે મહેસૂલનું વ્યાજ માફ કરીને ખેડૂતોને રાહત આપી.
- તેમણે બાળલગ્ન પર પ્રતિબંધ મૂક્યો હતો અને વિધવા વિવાહને ઉત્તેજન આપ્યું હતું.
- તેમણે શાસ્ત્રીય સંગીતના પ્રચાર અર્થે પંડિત વિષ્ણુનારાયણ ભાતખંડેને સહાય આપી હતી.
- તેમણે અમરેલીમાં પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવ્યું હતું.
- તેમણે 'બેંક ઓફ બરોડા' તથા વડોદરામાં 'બરોડા સાયન્સ કોલેજની' સ્થાપના કરી હતી.
- તેમણે ડો. ભીમરાવ આંબેડકરને કોલંબિયા વિશ્વવિદ્યાલય ખાતે અભ્યાસ અર્થે શિષ્યવૃત્તિ આપી હતી.
- તેમણે વર્ષ 1916માં ભારતની સૌપ્રથમ સંગીત પરિષદ બોલાવી હતી.
- મહારાણી વિક્ટોરિયાએ સયાજીરાવને 'ફરજંદ-એ-ખાસ-દોલત-ઈંગ્લિશિયા'નો ખિતાબ આપ્યો હતો.

## ગુજરાતનો આધુનિક ઇતિહાસ (ઈ.સ. 1818થી 1947)

- ઈ.સ. 1820માં ગુજરાતના લગભગ બધા પ્રદેશોમાં અંગ્રેજ હકૂમત સ્થપાઈ. આ પછીના સમયમાં અંગ્રેજોએ વહીવટી તંત્રને વ્યવસ્થિત કર્યું અને ગુજરાતમાં પ્રવર્તતી અરાજકતા અને અવ્યવસ્થા દૂર કરી. અંગ્રેજોએ ગુજરાતમાં પાલનપુર, વડોદરા, મહીકાંઠા, રેવાકાંઠા, ધરમપુર, વાંસદા અને અન્ય રાજ્યોમાં વહીવટી માટે એજન્સી પ્રથા દાખલ કરી હતી.

### 1857નો સ્વાતંત્ર્ય-સંગ્રામ અને ગુજરાત

- ગુજરાતમાંથી બ્રિટિશશાસનને નાબૂદ કરવાનો આરંભ અમદાવાદની સાતમી લશ્કરી પલટણે જૂન, 1857માં કર્યો હતો, પરંતુ તેને તરત જ દબાવી દેવામાં આવ્યો હતો.
- પંચમહાલના દાહોદ, ઝાલોદ અને ગોધરામાં જુલાઈ માસમાં સ્વાતંત્ર્ય-સંગ્રામના છુટાછવાયા બનાવો બન્યા.
- હિન્દી સૈનિકોએ કોળી, ભીલ અને નાયકડા જાતિના લોકોની મદદ વડે સરકારી કચેરીઓ કબજે કરી; પરંતુ છેવટે બ્રિટિશ લશ્કરે તેમને હરાવ્યા.
- અલબત્ત, પંચમહાલના નાયકડા જાતિના બહાદુર લોકોએ આ સંગ્રામ પૂરા એક વર્ષ સુધી ચાલુ રાખ્યો હતો.
- અંગ્રેજોને ગુજરાતમાંથી બરોડાના ગાયકવાડ, ઇડરના રાજા તથા રાજપીપળાના રાજાઓનું સંપૂર્ણ સમર્થન મળ્યું.
- અમદાવાદના શાહીબાગમાં સપ્ટેમ્બર, 1857માં એક આયોજન કર્યું હતું.
- 1857ના મે-જૂન માસમાં નસીરાબાદ અને નીમચમાં થયેલા બળવાના સમાચારને લીધે અમદાવાદમાં સાતમી રેજિમેન્ટમાં ઉશ્કેરાટ ફેલાયો હતો. તેનું નેતૃત્વ સૂબેદારે લીધું હતું, પરંતુ ઉશ્કેરાટ શમી ગયો અને સૂબેદારને સજા કરવામાં આવી.
- સૌપ્રથમ બ્રિટિશશાસનને વફાદાર વડોદરાના ગાયકવાડને પદભ્રષ્ટ કરી, ગુજરાતને બ્રિટિશશાસનમાંથી મુક્ત કરવાનો ઉદ્દેશ હતો. આ આયોજનમાં ગાયકવાડના સાવકા ભાઈ ગોવિંદરાવ (બાપુ ગાયકવાડ), ભોંસલે રાજા, વડોદરાના નિહાલચંદ ઝવેરી અને પાટણના મગનલાલ વાણિયા મુખ્ય હતા. યોજના અનુસાર મહી નદીનાં કોતરોમાં સપ્ટેમ્બર, 1857માં 4000નું લશ્કર ઊભું કર્યું;
- પરંતુ આ અંગેની માહિતી એક રાષ્ટ્રદ્રોહી માણસે અગાઉથી જ અંગ્રેજ સરકારને આપી દેતાં સરકાર અને ગાયકવાડનાં લશ્કરી દળોએ મહીનાં કોતરોમાં રહેલાં લશ્કરો ઉપર ઓચિંતો જ હુમલો કરી દેતાં, કેટલાક મરાયા, કેટલાક કેદ પકડાયા તો કેટલાક નાસી જવામાં સફળ બન્યા.
- મગનલાલ અને નિહાલચંદને બ્રિટિશરોએ તોપ પર બાંધી ઉડાવી દીધા ! જ્યારે બાપુ ગાયકવાડને વડોદરાની જેલમાં પૂર્યા.
- ખેડા જિલ્લાના આણંદના મુખી ગરબડદાસ પટેલે કોળી, ભીલ, નાયકડા વગેરે જાતિના 2000 લોકોને ભેગા કરી, ખાનપુરના ઠાકોર જીવાભાઈના સહકારથી સ્વાતંત્ર્ય-સંગ્રામ આરંભ્યો.

DEMO COPY

ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ઉપયોગી

11મી સંશોધિત આવૃત્તિ

# ગુજરાતની ભૂગોળ

ભૌતિક ભૂગોળ • આર્થિક ભૂગોળ • સામાજિક ભૂગોળ • સાંસ્કૃતિક ભૂગોળ

MULTI COLOUR Edition



ગુજરાતના તમામ જિલ્લાઓની પરીક્ષાલક્ષી માહિતી

સંપાદન : જગદીશ પટેલ

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE
SINCE 1977

### ■ શેત્રુંજય ડુંગર

- આ ડુંગર ભાવનગર જિલ્લાના પાલિતાણામાં આવેલો છે.
- અહીં 863 જૈન દેરાસર આવેલાં છે.
- પ્રથમ મંદિર પાલિતાણામાં નાગાર્જુન દ્વારા સ્થાપવામાં આવેલું છે.
- શેત્રુંજયની દક્ષિણે મોરધાર અને મિતિયાળાની ટેકરીઓ આવેલી છે.
- ભાવનગરમાં આવેલા 'સૌરાષ્ટ્રના કાશ્મીર' તરીકે જાણીતા મહુવાની ઉત્તરે લંગડી અને બીજા નાના ડુંગરો આવેલા છે.
- શેત્રુંજય ડુંગરની સાથે અહીં લોંચના ડુંગરનું વિશેષ મહત્ત્વ છે.
- ભાવનગરના ઉત્તર તરફના વિસ્તારમાં ખોખરા અને તળાજાના ડુંગર આવેલા છે.
- તળાજાના ડુંગરો પાસે આવેલી બૌદ્ધ ગુફા વિશેષ જાણીતી છે.

### ■ ગિરનારનો ડુંગર

- આ પર્વત પર 9999 પગથિયાં (અંદાજે) આવેલાં છે.
- જેનું બાંધકામ સોલંકી રાજવી કુમારપાળે કરાવ્યું હતું.
- મૌર્યકાળમાં ગિરનાર પર્વત ઉજ્જયંત અને જૂનાગઢ શહેર ગિરિનગરનાં નામથી ઓળખાતા હતા.
- જે ગુજરાતના સૌપ્રથમ જળાશય તરીકે જાણીતું છે. ગિરનારને વસ્ત્રાપથક્ષેત્ર પણ કહે છે.
- ગિરનારની તળેટી પર જમિયલશા દાતારનું આસન આવેલું છે. જ્યારે ટોચ પર ગુરુ ગોરખ દાતારનું આસન આવેલું છે.
- ગિરનારની પૂર્વે જતાં જે ડુંગરાળ પ્રદેશ જોવા મળે છે, જે ગીરની ટેકરીઓ તરીકે જાણીતું છે.
- ગીરની ટેકરીઓનું ઊંચામાં ઊંચું શિખર સરકલાની ટેકરીઓ છે, જે અમરેલીમાં આવેલી છે.

### ■ ગિરનાર પર્વતની ટૂક

(1) ગોરખ શિખર
(2) અંબાજી શિખર
(3) ગૌમુખી શિખર
(4) જૈન મંદિર શિખર (નેમીનાથજી)
(5) માળીપરબ

| ગીરની ટેકરીઓ | |
|---|---|
| **જૂનાગઢ** | ગોરખનાથ, અંબિકા, દાતાર, કાલકા, આઘેડ, દત્તાત્રેય |
| **ગીર–સોમનાથ** | સાસણ, નંદિવેલ, તુલસીશ્યામ |
| **અમરેલી** | મોરધાર, લાંચ, સરકલા |
| **ભાવનગર** | ખોખરા, તળાજા, પાલિતાણા, શિહોર, શત્રુંજય |

### ■ નાનાગીર

- ગિરનારની દક્ષિણે આવેલા નાના ડુંગરો નાનાગીર તરીકે જાણીતા છે, જેને મોરધારના ડુંગરો પણ કહે છે.

## તળગુજરાતનો ડુંગરાળ પ્રદેશ

- તળગુજરાત એ પર્વતોની હારમાળા તરીકે જાણીતું છે.
- અહીં મુખ્યત્વે ચાર પર્વતમાળા સમગ્ર તળગુજરાતને ચાર ભાગમાં વિભાજિત કરે છે.

**ચાર પર્વતમાળા**

1. **અરવલ્લી પર્વતમાળા**
2. **વિંધ્યાચલ પર્વતમાળા**
3. **સહ્યાદ્રિ પર્વતમાળા**
4. **સાતપુડા પર્વતમાળા**

### (1) અરવલ્લી પર્વતમાળા

- આ પર્વતમાળા વિશ્વની પ્રાચીન પર્વતમાળાઓ પૈકીની એક છે.
- તે દિલ્હીના રાષ્ટ્રપતિ ભવનથી લઈ ગુજરાતના મહેસાણા જિલ્લા સુધી વિસ્તરેલી છે.
- આ પર્વતમાળા એ આજથી કરોડો વર્ષ પહેલાં નિર્માણ પામેલી ગેડ પર્વતમાળા છે. અરવલ્લી એ ધારવાડ સમયનો વિકૃત ખડક છે.

### ■ પર્વતમાળાની વિશેષતા

- આ પર્વતમાળાનું સૌથી ઊંચું શિખર ગુરુશિખર રાજસ્થાનના આબુમાં આવેલું છે.
- ગુજરાતમાં આ પર્વતમાળાનું ઊંચું શિખર દાંતા તાલુકાના જેસોર (1090 મી.) ના ડુંગર પર આવેલું આરાસુરનું શિખર છે. આરાસુરના દાંતામાંથી તાંબું, જસત અને સીસું જેવા કિંમતી ખનિજો પ્રાપ્ત થાય છે.

### ■ પર્વતમાળા સાથે જોડાયેલાં દેવસ્થાનો

- અરવલ્લી પર્વતમાળામાં આવેલા તારંગા ડુંગર પર અજિતનાથનું જૈન દેરાસર આવેલું છે, જે કુમારપાળે બંધાવ્યું હતું.
- સાબરકાંઠામાં આવેલા ખેડબ્રહ્માના ડુંગર પર ગુજરાતનું એકમાત્ર બ્રહ્માજીનું મંદિર આવેલું છે.

DEMO COPY

| ક્રમ | વનમહોત્સવ | વનનું નામ | સ્થળ (જિલ્લો) | વિશેષતા |
|---|---|---|---|---|
| 7. | 61 મો | પાવક વન (2010) | પાલિતાણા (ભાવનગર) | ◆ જૈનધર્મનું ધાર્મિક સ્થળ |
| 8. | 62 મો | વિરાસત વન (2011) | પાવાગઢ (પંચમહાલ) | ◆ મહાકાળી માતાનું મંદિર |
| 9. | 63 મો | ગોવિંદગુરુ સ્મૃતિ વન (2012) | માનગઢ હીલ ગઢડા (મહીસાગર) | ◆ આદિવાસીઓના સામાજિક-રાજકીય ઉત્થાનમાં યોગદાન આપનાર ગુરુ ગોવિંદની સ્મૃતિમાં |
| 10. | 64 મો | નાગેશ વન (2013) | દ્વારકા (દેવભૂમિ દ્વારકા) | ◆ ગુજરાતના બીજા જ્યોતિર્લિંગ પાસે |
| 11. | 65 મો | શક્તિ વન (2014) | કાગવડ (રાજકોટ) | ◆ ખોડલધામમાં "નારી તું નારાયણી" થીમ ઉપર બનેલું વન |
| 12. | 66 મો | જાનકી વન (2015) | વાંસદા (નવસારી) | ◆ પૂર્ણા નદીના કિનારે 'રામાયણ' થીમ ઉપર બનેલું વન |
| 13. | 67 મો | મહીસાગર વન (2016) | આણંદ | – |
| 14. | 67 મો | આમ્રવન (2016) | ધરમપુર (વલસાડ) | – |
| 15. | 67 મો | એકતાવન (2016) | બારડોલી (સુરત) | ◆ સરદાર પટેલની સ્મૃતિમાં |
| 16. | 67 મો | શહીદ વન (2016) | ભૂચર મોરી (ધ્રોલ-જામનગર) | ◆ ઈ.સ. 1591માં સૂબા મીર્ઝા અઝીઝ કોકા અને નવાનગર (જામનગર)ના રાજા જામ સતાજી વચ્ચે થયેલ યુદ્ધના શહીદોની સ્મૃતિમાં |
| 17. | 68 મો | વીરાંજલિ વન (2017) | પાલ-દઢવાવ (સાબરકાંઠા) | ◆ વિજયનગરના પોળો ખાતે પાલ-દઢવાવના શહીદોની સ્મૃતિમાં |
| 18. | 69 મો | રક્ષક વન (2018) | રુદ્રમાતા બંધ પાસે (ભુજ-કચ્છ) | ◆ તે ગુજરાતનું સૌથી મોટું સાંસ્કૃતિક વન છે. આ વન 1971ના પાકિસ્તાન સામેના યુદ્ધમાં માધાપર એરપોર્ટના તૂટેલા રન-વેને બહુ ઓછા સમયમાં તૈયાર કરી આપનાર બહાદુર સ્ત્રીઓને સમર્પિત છે. આ ઘટનાને લઈને અજય દેવગન અભિનિત ફિલ્મ 'ભુજ : દ પ્રાઇડ ઓફ ઇન્ડિયા' બનેલ છે. |
| 19. | 70 મો | જડેશ્વર વન (2019) | ઓઢવ (અમદાવાદ) | – |
| 20. | 71 મો | રામ વન (2020) | આજી ડેમ પાસે (રાજકોટ) | ◆ રાજકોટના આજી ડેમ પાસે અર્બન ફોરેસ્ટ અને સાંસ્કૃતિકના વનમાં તીર્થંકર વન, નક્ષત્ર અને રાશિ વન વિકસાવાશે. |
| 21. | 72 મો | મારુતિનંદન વન (2021) | કલગામ (વલસાડ) | ◆ વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલગામ ખાતે શ્રી હનુમાનજીને સમર્પિત વન. |
| 22. | 73 મો | વટેશ્વર વન (2022) | સુરેન્દ્રનગર | ◆ સુરેન્દ્રનગર જિલ્લાની દૂધરેજ કેનાલ સાઇટ ખાતે નિર્માણ, 73000થી વધુ વૃક્ષોનું વાવેતર. |
| 23. | 74 મો | વનકવચ (2023) | જેપુરા (પંચમહાલ) | ◆ પાવાગઢથી 6 કિમી.ના અંતરે જેપુરા ખાતે 1.1 હેક્ટર વિસ્તારમાં ગોધરા સામાજિક વનીકરણ વિભાગ દ્વારા વૈજ્ઞાનિક ઢબે વનકવચનું નિર્માણ કરાયું છે. |

**જાણવા જેવું**

- રાજ્યના ગૃહ વિભાગ દ્વારા રાજ્યકક્ષાના 'પોલીસ વન મહોત્સવ-2019'નો પ્રારંભ અમદાવાદ શહેરના બોડકદેવ ખાતે થયો હતો.
- રાજ્યનાં પોલીસ સ્ટેશનો-કેમ્પસ-જેલ ભવનો વગેરે સ્થળોએ 2 લાખ જેટલાં વૃક્ષો વાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ઈ.સ. 1955માં ભારત સરકારના તત્કાલીન કૃષિમંત્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી દ્વારા વનમહોત્સવની શરૂઆત કરાઈ હતી.

DEMO COPY

# 12 સામાન્ય વિજ્ઞાન (કોષ્ટક સ્વરૂપે)

## 1 જીવ વિજ્ઞાન

### 1.1 વિજ્ઞાનની વિવિધ શાખાઓ

| | |
|---|---|
| અકાઉસ્ટિક્સ | ધ્વનિના અભ્યાસને લગતું શાસ્ત્ર |
| આર્કિઓલોજી | પુરાતત્ત્વ વિજ્ઞાન |
| આરબોરીકલ્ચર | વૃક્ષો અને વનસ્પતિના અભ્યાસનું શાસ્ત્ર |
| આરથોલોજી | સાંધાઓના અભ્યાસનું વિજ્ઞાન |
| એન્થોલોજી | ફૂલોનો અભ્યાસ કરનાર |
| એરોનોટિક્સ | વિમાનોના ઉડ્ડયન અંગેનું વિજ્ઞાન |
| એપીકલ્ચર | મધમાખીનો ઉછેર કરનારું વિજ્ઞાન |
| એગ્રોબાયોલોજી | વનસ્પતિ પોષણનું વિજ્ઞાન |
| એગ્રોનોમિક્સ | જમીન અને પાકના સંચાલનને લગતું શાસ્ત્ર |
| એનોટોમી | શરીરનું અસ્થિર પિંજર, શરીર બંધારણ શાસ્ત્ર વગેરેનું અભ્યાસ કરતું શાસ્ત્ર |
| એન્થ્રોપોલોજી | માનવીના ઉદ્ભવ, વિકાસ, વિસ્તરણના અભ્યાસનું શાસ્ત્ર |
| એસ્ટ્રોલોજી | ગ્રહોના અભ્યાસ પરથી આગાહી કરતું વિજ્ઞાન |
| એક્સો બાયોલોજી | અંતરિક્ષમાં અન્ય સૌરમંડળ કે ગ્રહ પર જીવસૃષ્ટિની સંભાવના ચકાસતું વિજ્ઞાન |
| એસ્ટ્રોનોટિક્સ | અવકાશયાત્રાનું વિજ્ઞાન |
| એસ્ટ્રોનોમી | અવકાશી પદાર્થોની ગતિનો અભ્યાસ કરતું વિજ્ઞાન |
| એન્ટોમોલોજી | જંતુઓને લગતું વિજ્ઞાન, કીટકશાસ્ત્ર |
| એથનોલોજી | માનવજાતની જાતિનું અભ્યાસ કરતું શાસ્ત્ર |
| એગ્રિકલ્ચર | કૃષિ-વિજ્ઞાન |
| ઓનકોલોજી | કેન્સર વિશેની માહિતી આપતું વિજ્ઞાન |
| ઓસ્ટિઓલોજી | હાડકાંના અભ્યાસનું વિજ્ઞાન |
| ઓશનોગ્રાફી | મોજાં, ભરતી-ઓટ, પ્રવાહો વગેરેનું સામૂહિક વિજ્ઞાન |
| ઓર્નિથોલોજી | પક્ષીઓનું વિજ્ઞાન |
| ઓડોન્ટોલોજી | દાંતના વૈજ્ઞાનિક અભ્યાસસંબંધી શાસ્ત્ર |
| ઓપ્ટિક | પ્રકાશનાં લક્ષણોનો અભ્યાસ કરતું વિજ્ઞાન |
| ઈથોલોજી | પ્રાણીવર્તન વિજ્ઞાન |

| | |
|---|---|
| કાયોજેનિક્સ | ખૂબ જ નીચા તાપમાનને લગતું શાસ્ત્ર |
| કેમોથેરાપી | રાસાયણિક પદાર્થો દ્વારા કેન્સરની સારવાર કરતું શાસ્ત્ર |
| કોસ્મોલોજી | ગ્રહો, ઉપગ્રહો અને અંતરિક્ષનો અભ્યાસ કરતુ વિજ્ઞાન |
| ગાયનેકોલોજી | સ્ત્રી પ્રજનન અને જાતીય રોગનું વિજ્ઞાન |
| જીનેટિક્સ | સજીવના જનીનોમાં આવતા ફેરફારો, બદલાવ અને વિકૃતિનું અભ્યાસ કરતું વિજ્ઞાન |
| જીનેટિક્સ એન્જિનિયરિંગ | કૃત્રિમ જનીન પેદા કરવાની પદ્ધતિ |
| જીઓલોજી | ખડકો, જ્વાળામુખી વગેરેનું ભૂસ્તરનું વિજ્ઞાન |
| જેરેન્ટોલોજી | વૃદ્ધત્વના અભ્યાસ અને તેના રોગોસંબંધી અભ્યાસનું શાસ્ત્ર |
| ઝૂ-ટેકની | પાલતુ પ્રાણીઓના પ્રજનન અને ઉછેરનો અભ્યાસ |
| ટોક્સિકોલોજી | ઝેરનું વિજ્ઞાન |
| ટ્રોફોલોજી | પોષણક્ષમ આહારનો અભ્યાસ કરનાર વિજ્ઞાન |
| ટ્રાઇકોલોજી | વાળના અભ્યાસનું વિજ્ઞાન |
| ડર્મેટોલોજી | મનુષ્ય ત્વચાના અભ્યાસનું વિજ્ઞાન |
| ડેક્ટાયલોગ્રાફી | ફિંગરપ્રિન્ટ વિશેની માહિતી આપતું વિજ્ઞાન |
| ન્યુરોલોજી | મગજના વિવિધ ભાગોનો અભ્યાસ કરતું શાસ્ત્ર |
| પેથોલોજી | વિવિધ વિકૃતિ અને વિકૃતશાસ્ત્ર બીમારીઓનું વિજ્ઞાન |
| પેરા સાયટોલોજી | અન્ય સજીવો ઉપર જીવન ગુજારનાર પરોપજીવી સજીવોનો અભ્યાસ કરતું વિજ્ઞાન |
| પીડિઆટ્રિક્સ | બાળરોગ વિજ્ઞાન |
| ફ્લોરિકલ્ચર | વ્યાપારી સ્તરે ફૂલોની ખેતી |
| ફાર્માકોલોજી | ઔષધવિજ્ઞાન |
| ફિઝિયોલોજી | જુદા જુદા જીવોની ઉત્પત્તિ અને તેમનાં અંગ તથા ઉપાંગોનું શાસ્ત્ર |
| ફૂડ ટેક્નોલોજી | ખોરાકને પ્રોસેસ કરવા અને સાચવવા સંબંધનું અભ્યાસ કરતું વિજ્ઞાન |

DEMO COPY

## 1.9 રોગ અને તેની ચકાસણી

| ચકાસણી (Test) | રોગ |
|---|---|
| એલિઝા વેસ્ટર્ન બ્લોટ | એઇડ્સ |
| અલ્ટ્રાસાઉન્ડ સોનોગ્રાફી (USG) | શરીરના આંતરિક અવયવો, ગર્ભ, રુધિરવાહિનીઓમાં ગાંઠોની ચકાસણી માટે |
| આયોડિન ટેસ્ટ | સ્ટાર્ચ (કાર્બોહાઇડ્રેટ) તત્ત્વની ઊણપને જાણવા |
| બોડીમાસ ઇન્ડેક્સ (BMI) | વજન વધારે કે ઓછું છે તે જાણવા માટે |
| બાયોપ્સી | કેન્સર ગાંઠમાંથી માંસનો ટુકડો લઈ તપાસ કરવી. |
| CT-Scan (કમ્પ્યૂટરાઈઝ્ડ ટોમોગ્રાફી) | શરીરમાં આંતરિક ઈજા, રક્તસ્રાવ તથા અસ્થિભંગ અને સાંધાની સમસ્યાના સમાધાન માટે |
| કોપર સલ્ફેટ ટેસ્ટ | પ્રોટીનની ખામીને જાણવા |
| ECG (ઇલેક્ટ્રિક કાર્ડિયોગ્રામ) | હૃદયને લગતા રોગ જાણવા |
| ફેરિટિન લેવલ | એનીમિયાની તપાસ માટે |
| મોન્ટોક્સ | ક્ષય (TB) |
| મેમાગ્રાફી | સ્તન કેન્સર |
| MRI (મેગ્નેટિક રેસોનન્સ ઇમેજિંગ) | નર્વ સિસ્ટમ તથા નરમ પેશીઓમાં થતી ઈજા માટે |
| પ્રોટોન થેરાપી | કેન્સર ઉપચાર માટે |
| પેપસ્મીયર | ગર્ભાશયના કેન્સરની તપાસ માટે |
| સીરમ કેલ્શિયમ | શરીરમાં કેલ્શિયમનું પ્રમાણ જાણવા |
| ક્ષ-કિરણો (X-Ray) | શરીરના આંતરિક અવયવોની ચકાસણી જેવા કે હાડકાંના ભંગાણની |

## 1.10 રોગ અને તેના બચાવ માટેની રસી

| રોગ | રસી |
|---|---|
| કાલી ખાંસી (ઉધરસ) | DPT = Diphtheria, Pertussis, Tetanus |
| ટાઇફોઇડ | TAB = Typhoid Paratyphoid A and B |
| ડિફ્થેરિયા | DPT |
| ધનુર | DPT |
| પોલિયો | પોલિયોટિકા |
| ક્ષય | BCG = Bacille Calmette Guerin |

## 1.11 રસી અને તેના શોધક

| રસી | શોધક |
|---|---|
| શીતળા | એડ્વર્ડ જેનર |
| સૌપ્રથમ પોલિયો રસી | જોનાસ સોક |
| ઇન્ફ્લુએન્ઝા વાઇરસ | થોમસ ફ્રાન્સિસ જુનિયર |
| રોટા વાઇરસ માટેની | પૌલ એરિક |
| કમળો | મેક્સ થૈલર |
| હડકવા | લૂઈ પાશ્ચર |
| રૂબેલા વાઇરસ (ચામડી પર લાલ ફોલ્લાઓ પડી જાય) | સ્ટેનલી પ્લોટકિન |

## 1.12 નિદાનસંબંધી આવિષ્કાર

| શોધકર્તા | શોધ |
|---|---|
| એડ્વર્ડ્સ અને સ્ટેપ્ટો | પ્રથમ ટેસ્ટટ્યૂબ બેબી |
| એલેક્ઝાંડર ફ્લેમિંગ | પેનિસિલીન |
| આઇન્થોવન | ઇલેક્ટ્રોકાર્ડિયોગ્રાફ |
| બોમ્સમૈન | સ્ટ્રેપ્ટોમાઇસિન |
| બેટિંગ | ડાયાબિટીસ |
| બેટિંગ | ઇન્સ્યુલિન |
| લ્યુવેનહોક | બેક્ટેરિયા |

| શોધકર્તા | શોધ |
|---|---|
| ડાગમૈક | સલ્ફા દવાઓ |
| ફંક | વિટામિન |
| ફ્નેલ | ટેરામાઇસિન |
| હોપકિન્સ | વિટામિન-D |
| હૈનીમૈન | હોમિઓપથી |
| હેરિસન તથા સિમ્પસન | ક્લોરોફોર્મ |
| હોલ્કટ | વિટામિન-C |

DEMO COPY

## એશિયા કપ

- **સંચાલક** : એશિયન ક્રિકેટ કાઉન્સિલ (ACC)
- એશિયા કપ પુરુષોની એક દિવસીય આંતરરાષ્ટ્રિય મર્યાદિત ઓવર (50) અને T20 આંતરરાષ્ટ્રિય ક્રિકેટ ટુર્નામેન્ટ છે.
- **શરૂઆત** : 1984
- એશિયા કપ દર બે વર્ષે યોજવામાં આવે છે.
- એશિયા કપ 2024નું આયોજન શ્રીલંકા દ્વારા કરવામાં આવશે.

## રમત સાથે સંકળાયેલા શબ્દો

- મિડ ઓન, નો બોલ, સ્વિંગ, કેચ, બાઉન્સર, ડક, થર્ડ મેન, ફોલોઓન, ફ્લાઇટ, ડ્રાઇવ, બાય રન, ફ્લાઇટ, ચાઇના મેન, બોલ્ડ, ક્રિઝ, ઓવર થ્રો, હેટ્રિક
- 'ગુલાબી બોલ ટેસ્ટ ક્રિકેટ' એ ડે-નાઇટ ટેસ્ટ ક્રિકેટ છે.

## રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **રાષ્ટ્રીય** : કૂચ બિહારી ટ્રોફી, વિનુ માંકડ ટ્રોફી (યુવા સ્પર્ધાઓ)
- વિમેન્સ સીનિયર વનડે ટ્રોફી, વિમેન્સ સીનિયર T20 ટ્રોફી (મહિલાઓ માટે)
- રણજી ટ્રોફી, દુલિપ ટ્રોફી, ઇરાની ટ્રોફી (પ્રથમ વર્ગની સ્પર્ધાઓ)
- દેવધર ટ્રોફી, NKP સાલ્વે ચેલેન્જર ટ્રોફી, વિજય હજારે ટ્રોફી, કોર્પોરેટ ટ્રોફી (મર્યાદિત ઓવરોની સ્પર્ધાઓ)
- ઇન્ડિયન પ્રીમિયર લીગ, સૈયદ મુસ્તાક અલી (T20 સ્પર્ધાઓ)
- અન્ય સી. કે. નાયડુ ટ્રોફી, રાણી ઝાંસી ટ્રોફી, જી. ડી. બિરલા ટ્રોફી, ગાવસ્કર ટ્રોફી
- **આંતરરાષ્ટ્રીય** : એશીઝ (ઇંગ્લેન્ડ-ઓસ્ટ્રેલિયા વચ્ચે), ICC વર્લ્ડ કપ, ICC ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયા કપ



## T20 વર્લ્ડ કપ (પુરુષ)

- **શરૂઆત** : વર્ષ 2007 (વિજેતા ભારત)
- દર બે વર્ષે યોજવામાં આવે છે.
- **T20 વર્લ્ડ કપ 2022** : વિજેતા ઇંગ્લેન્ડ
- **યોજનાર** : ICC

## વર્લ્ડ કપ (મહિલા)

- **શરૂઆત** : વર્ષ 2009
- દર 2 વર્ષે યોજવામાં આવે છે.
- **વર્લ્ડ કપ 2023** : વિજેતા-ઓસ્ટ્રેલિયા

## મહિલા U19 T20 વર્લ્ડ કપ (2023)

- સૌપ્રથમ વખત યોજાયેલ ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) U19 ફાઇનલમાં ભારતે ઇંગ્લેન્ડને હરાવ્યું હતું.
- **ICC વિમેન્સ વર્લ્ડ કપ 2025 આયોજન : ભારત**

# હોકી

## મુખ્ય બાબતો

- **મેદાનનું માપ** : લંબાઇ 91.44 મી, પહોળાઇ 50.29થી 54.86 મી
- **દડાનું માપ** : વજન 156થી 163 ગ્રામ
- **ઘેરાવો** : 23.75 સેમી
- **હોકી સ્ટિક** : 5 સેમી રિંગમાંથી પસાર થઇ શકે તેવી અને તેનું વજન 340થી 794 ગ્રામ.
- **ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર** : 3.65 મીટર
- **એક ટીમના ખેલાડીઓની સંખ્યા** : 11
- **મેચનો સમયગાળો** : 70 મિનિટ
- હોકીની પ્રથમ આંતરરાષ્ટ્રીય મેચ 26-6-1895માં રાઇલમાં વેલ્સ અને આયરલેન્ડ વચ્ચે રમાઇ હતી.
- **હોકી ભારતની રાષ્ટ્રીય રમત છે.**
- હોકી વર્લ્ડ કપનું આયોજન ઇન્ટરનેશનલ હોકી ફેડરેશન દ્વારા કરવામાં આવે છે.

**હોકી વર્લ્ડ કપ (મહિલા)**

| વર્ષ | યોજાયેલ સ્થળ | વિજેતા |
|---|---|---|
| 1974 | મેન્ડેલીયુ, ફ્રાન્સ | નેધરલેન્ડ |
| 1976 | પશ્ચિમ બર્લિન, જર્મની | પશ્ચિમ જર્મની |
| 2018 | લંડન, ઇંગ્લેન્ડ | નેધરલેન્ડ |
| 2022 | ટેરાસા, સ્પેન/એમ્સ્ટેવલીન, નેધરલેન્ડ | નેધરલેન્ડ |

- મોસ્કો ઓલિમ્પિક 1980માં મહિલા હોકીનો ઓલિમ્પિકમાં સમાવેશ કરવામાં આવ્યો.

## રમત સાથે સંકળાયેલા શબ્દો

- બુલી, સાઇડ લાઇન, પેનલ્ટી, સ્કૂપ, રોલઓન, સ્ટ્રોક, શૂટિંગ શોર્ટ કોર્નર, અંડર કટિંગ.

## રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **રાષ્ટ્રીય** : રંગાસ્વામી કપ (રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ), આગાખાન કપ (મુંબઇ), બાઇટન કપ (કોલકાતા), મુરૂપ્પા ગોલ્ડ કપ, નહેરુ કપ, લેડી રતન ટાટા કપ (મહિલા ટ્રોફીની રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ), ધ્યાનચંદ ટ્રોફી, બોમ્બે ગોલ્ડ કપ, ગુરુ નાનક ચેમ્પિયનશિપ.
- **આંતરરાષ્ટ્રીય** : વર્લ્ડ કપ (દર ચાર વર્ષે), ચેમ્પિયન્સ ટ્રોફી, એશિયન ચેમ્પિયનશિપ, સ્ટેન્લે કપ (આઇસ હોકી)

**હોકી વર્લ્ડ કપ (પુરુષ)**

| વર્ષ | યોજાયેલ સ્થળ | વિજેતા | ભારતનું સ્થાન |
|---|---|---|---|
| 1971 | બાર્સિલોના, સ્પેન | પાકિસ્તાન | 3rd |
| 1975 | કુઆલાલમ્પુર, મલેશિયા | ભારત | 1st |
| 2018 | ભુવનેશ્વર, ભારત (કલિંગ સ્ટેડિયમ) | બેલ્જિયમ | 6th |
| 2023 | ભુવનેશ્વર અને રાઉરકેલા (ભારત) | જર્મની | 9th |

- 1908માં લંડન ઓલિમ્પિકમાં પુરુષ હોકીનો સમાવેશ કરવામાં આવ્યો.

DEMO COPY

# અન્ય મહત્ત્વની રમતો

## કબડ્ડી

- કબડ્ડીના મેદાનને 'એરેના' કહે છે.
- **મેદાનનું માપ :** 12.5 મીટર લાંબું, 10 મીટર પહોળું (ભાઈઓ માટે), 11 મીટર લાંબું અને 8 મીટર પહોળું (બહેનો માટે)
- **આંગણ :** 6.25 મીટર લંબાઈ અને 10 મીટર પહોળાઈ.
- ખેલાડી પ્રત્યેક ટુકડીમાં 12, રમતમાં એકસાથે 7.
- **રમત સાથે સંકળાયેલા શબ્દો :** ડૂબકી, ટક્કર પટ્ટી, ચેઇન, બોનસ પોઇન્ટ, ઓલ આઉટ રેડ, ટેકલ, સુપર હેડ, સુપર ટેકલ, ડુ ઓર ડાય રેડ, ટચ પોઇન્ટ, એંકલ હોલ્ડ, ડિફેન્ડર.

### રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **રાષ્ટ્રીય :** પોયરુ રામા રાવ કપ, ફેડરેશન કપ, પ્રો કબડ્ડી લીગ.

### આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **કબડ્ડી વર્લ્ડ કપ :** ઇન્ટરનેશનલ કબડ્ડી ફેડરેશન દ્વારા આયોજિત (IKF) 2004, 2007 અને 2016માં આયોજિત તમામ ટુર્નામેન્ટ ભારતે જીતી છે.
- એશિયન ગેમ્સ
- યુરોપિયન કબડ્ડી ચેમ્પિયનશિપ

## ગોલ્ફ

- **મેદાનનું માપ :** ક્ષેત્રફળ 75થી 100 એકર, 120થી 200 એકર
- **દડાનું વજન :** 45.9 ગ્રામ
- **છિદ્રનો વ્યાસ :** 4 ઇંચ
- **રમતની શરૂઆત :** આધુનિક ગોલ્ફની સૌપ્રથમ શરૂઆત સ્કોટલેન્ડથી થઈ હતી.
- **ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટ્સ :** પુરુષોમાં ચાર ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટ્સ રમાય છે – 1. માસ્ટર ઓપન, 2. યુએસ ઓપન, 3. બ્રિટિશ ઓપન અને 4. P.G.A. (પ્રોફેશનલ ગોલ્ફર એસોસિયેશન ઓફ અમેરિકા) ચેમ્પિયનશિપ.
- **રમત સાથે સંકળાયેલા શબ્દો :** આયરન, ડોમી, બોગી, પોસ્ટ, સ્ટાઈમી, કેડી, ટી, પુટિંગ, લીન્કસ, ફેરવે, ફોરસમ.

### રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **આંતરરાષ્ટ્રીય :** પ્રિન્સ ઓફ વેલ્સ કપ, રાઇડર કપ, બાકર કપ, આઇઝન હોવર કપ, સર્કિટ કપ.
- **યાદ રાખો :** નિયમિત ગોલ્ફ રમતમાં 18 હોલ્સ રમવા પડે છે.

## ચેસ

- ચેસના બોર્ડને ચોકર બોર્ડ કહેવામાં આવે છે તથા તેમાં 64 ચોરસ ખાનાં હોય છે. આ રમતની શરૂઆત ભારતમાં 7મી સદીમાં થઈ હતી એવું માનવામાં આવે છે.
- **સર્વોચ્ચ સંસ્થા :** આ રમતની સર્વોચ્ચ સંસ્થા ધ ફેડરેશન ઇન્ટરનેશનલ ડે ઈચેસ (FIDE) છે. ભારતના પ્રથમ ચેસ ગ્રાન્ડ માસ્ટર વિશ્વનાથન આનંદ છે અને તેમણે 5 વખત (2000, 2007, 2008, 2010 અને 2012) વિશ્વ ચેમ્પિયનશિપ જીતી છે.
- **રમત સાથે સંકળાયેલા શબ્દો :** કિંગ, ગેમ્બીટ, ક્વીન, બિશપ, નાઇટ, ચેકમેટ, પોન, ગ્રાન્ડ માસ્ટર, સ્ટેલમેટ, કાસલ.
- **રાષ્ટ્રીય :** વી. પી. શાસ્ત્રી ટ્રોફી (મહિલા)
- **આંતરરાષ્ટ્રીય :** એશિયન ઝોનલ ચેસ ચેમ્પિયનશિપ, લેનેરિસ ઇન્ટરનેશનલ ટુર્નામેન્ટ
- ચેસની રમતમાં પદ્મશ્રી એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતીય મહિલા - અનુપમા અભ્યંકાર
- **ભારતના પ્રથમ ચેસ ગ્રાન્ડ માસ્ટર – વિશ્વનાથન આનંદ**
- તેજસ બાકરે અને અંકિત રાજપરા ગ્રાન્ડ માસ્ટર બનનાર ગુજરાતના ખેલાડીઓ છે.
- **44મી "ચેસ ઓલિમ્પિયાડ 2022" તમિલનાડુનાં ચેન્નાઈ ખાતે યોજવામાં આવી હતી.**

## પોલો

- પોલોના જન્મદાતા મણિપુરને માનવામાં આવે છે.
- **મેદાનનું માપ :** લંબાઈ 275 મી (300 વાર), પહોળાઈ 137 મી (150 વાર)
- **ગોલપોસ્ટ :** ઊંચાઈ 7.3 મીટર (8 વાર)
- **ખેલાડીઓ :** એક ટીમમાં 4
- **રમત સાથે સંકળાયેલા શબ્દો :** બંકર, એંગલ શોટ, મેલેટ, ચકર, હેન્ડીકેપ.

### રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ

- **રાષ્ટ્રીય :** એજરા કપ, રાધામોહન કપ, પૃથ્વીપાલસિંહ, ક્લાસિક કપ.
- **આંતરરાષ્ટ્રીય :** વેસ્ટ ચેસ્ટર કપ

## બોક્સિંગ (મુક્કેબાજી)

- બોક્સિંગ રિંગનું માપ 16 અને 24 ફૂટ (4.9 અને 7.3 મીટર) જેટલું હોય છે.
- રિંગનું પ્લેટફોર્મ સામાન્ય રીતે જમીનથી 3 થી 4 ફૂટ (0.91 થી 1.22 મીટર) હોય છે.
- **રમત સાથે સંકળાયેલા શબ્દો :** જેબ, હૂક, અપર કટ, નોકઆઉટ, બિલો ધ બેલ્ટ, નોક ડાઉન, કિડની પંચ, રેબિટ પંચ, બ્રેક, કટ, સેકન્ડ આઉટ, વેટ ઇન, વિલ્લો, હીટિંગ.
- મેરીકોમ, વિજેન્દરસિંહ ભારતના મુખ્ય બોક્સરો છે. મેરીકોમનું વતન મણિપુર છે.
- બોક્સર નિખત ઝરીને મહિલા વર્લ્ડ બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ફ્લાયવેટ (52 કિગ્રા) વર્ગમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. નિખત ઝરીન ચેમ્પિયનશિપ જીતનારી પાંચમી ભારતીય મહિલા બની છે.

DEMO COPY

# 14 ગુજરાતી સાહિત્ય

## ગુજરાતી સાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ

- મધ્યકાળમાં ગુજરાતી ભાષામાં સાહિત્યિક રચનાની શરૂઆત થઈ હતી.
- ઈ.સ. 10-14મી સદી સુધીના સમય ગાળાને 'પ્રાગ્ નરસિંહ યુગ' અથવા 'રાસ યુગ' કહેવામાં આવે છે.
- ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિનો આ પ્રથમ તબક્કો હતો. આ સમય ગાળામાં ગુજરાતી ભાષાનું અપભ્રંશ પ્રાકૃત સ્વરૂપ અસ્તિત્વમાં હતું.
- ચાલુક્ય રાજવીઓની માહિતી આપતો ગ્રંથ 'કુમારપાળ ચરિતમ્'ના રચયિતા "હેમચંદ્રાચાર્ય" તથા મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના ઉષાકાળે પ્રથમ નામ હેમચંદ્રાચાર્યનું લેવાય છે.
- હેમચંદ્રાચાર્યના 'સિદ્ધહેમશબ્દાનુશાસન' ગ્રંથમાં અપભ્રંશ પ્રાકૃત ભાષામાં રચાયેલા દોહાઓનો ઉલ્લેખ છે, જેમાં વીર તથા શૃંગાર રસની સુંદર નિષ્પત્તિ થઈ છે.
- ગુજરાતી સાહિત્યમાં શરૂઆતનું સર્જન જૈન લેખકો દ્વારા કરવામાં આવ્યું. તેમણે રાસ, ફાગુ, વિલાસ જેવાં પદસ્વરૂપોમાં સાહિત્યસર્જન કર્યું. જેના કેન્દ્રમાં શૌર્ય, શૃંગાર અને પ્રકૃતિનાં તત્ત્વો હતાં.
- શાલિભદ્રસૂરિનું 'ભરતેશ્વર બાહુબલી રાસ', વિજયસેનનું 'રેવંતગિરિ રાસ' આ પ્રકારના સાહિત્યનાં શ્રેષ્ઠ ઉદાહરણ છે.
- જૈનેતર કવિઓમાં અસાઇત ઠાકરને સર્વોપરી સર્જક માનવામાં આવે છે. તેમની મુખ્ય રચના લોકનાટ્ય 'ભવાઈ' છે, જેમાં લગભગ 360 વેશોનું સર્જન કરાયું છે.
- ઉપરાંત શ્રીધરનું 'રણમલ્લ છંદ', મેરુતુંગનું 'પ્રબંધચિંતામણિ', પદ્મનાભનું 'કાન્હડદે પ્રબંધ' પણ મુખ્ય છે.
- આ યુગમાં કેટલીક ગદ્યરચનાઓ પણ થઈ છે. જેના મુખ્ય વિષયો વ્યાકરણ, ભાષ્ય અને ધર્મ હતા. તેમાં તરુણપ્રભુસૂરિનું 'બાલવબોધ' મુખ્ય છે.
- ગુજરાતી શબ્દ ભાષાના સંદર્ભમાં સૌપ્રથમ પ્રેમાનંદ દ્વારા પ્રયોજાયો હતો.
- પ્રેમાનંદે જેને ગુજરાતી ભાષા કહી અગાઉ તે ભાષા પ્રાકૃત, અપભ્રંશ, ગુર્જરભાષા તરીકે ઓળખાતી હતી.
- ગુજરાતી ભાષા પ્રાકૃત ભાષામાંથી ઉદ્ભવી છે. આ પ્રાકૃત ભાષા 'શૌરસેની પ્રાકૃત' તરીકે ઓળખાતી, જેણે આગળ જતાં 'અપભ્રંશ' ભાષાનું સ્વરૂપ ધારણ કર્યું. આમ, ગુજરાતી ભાષાનો અપભ્રંશ સાથે સીધો સંબંધ છે.

### હેમ યુગ/જૈન યુગ (આશરે 12મી સદીથી 14મી સદી)

- આશરે ઈ.સ. 12મી સદીથી 14મી સદી સુધીનો સમય ગાળો જૈન યુગ, રાસ યુગ, પ્રાગ્ નરસિંહ યુગ તથા હેમ યુગ તરીકે પણ ઓળખાય છે.
- આ હેમચંદ્રાચાર્યથી નરસિંહ મહેતાના આગમન સુધીનો આશરે 300 વર્ષનો સમય ગાળો છે.
- આ યુગમાં રાસ/રાસો (ઉદા., ભરતેશ્વર બાહુબલી રાસ) સાહિત્યપ્રકારની રચના આનો પ્રભાવ જોવા મળે છે.

### નરસિંહ યુગ (ઈ.સ. 1414-1850)

- 15મી સદીમાં ગુજરાતી સાહિત્ય ભક્તિ આંદોલનથી પ્રભાવિત થયું. જેના હેઠળ બે ભક્તિધારા(સગુણ અને નિર્ગુણ)ઓ વિકસી.
- સગુણ ભક્તિધારાના મુખ્ય કવિઓ નરસિંહ, મીરાં અને દયારામ હતાં.
- તેમણે કૃષ્ણભક્તિને લગતાં ભજનો, પદો અને ગરબીઓની રચના કરી.
- પ્રેમાનંદ અને શામળને પણ આ શાખાના કવિ ગણવામાં આવે છે. પ્રેમાનંદને શ્રેષ્ઠ આખ્યાનકાર માનવામાં આવે છે. જ્યારે શામળ ગુજરાતી સાહિત્યના પ્રથમ પદ્ય વાર્તાકાર ગણાય છે.
- નિર્ગુણ ભક્તિધારાના મુખ્ય સર્જકોમાં અખો અને નરસિંહ મહેતા ગણાય છે.
- અખા ભગતને 'જ્ઞાની કવિ' તરીકે ઓળખવામાં આવે છે. તેનાં સર્જનોમાં સમકાલીન સામાજિક સ્થિતિ, તત્ત્વજ્ઞાન જેવાં લક્ષણો જોવા મળે છે.
- નિર્ગુણધારાના અન્ય સાહિત્યસર્જકોમાં ધીરો ભગત, ભોજા ભગત પ્રીતમ, કબીરપંથી કવિઓનો સમાવેશ થાય છે.
- આ સમય ગાળામાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું, જેમાં સહજાનંદ સ્વામી, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ સ્વામી મુખ્ય છે.
- તેમનાં સર્જનો નીતિશુદ્ધતા, ભક્તિ અને વૈરાગ્યનાં લક્ષણો ધરાવે છે.

DEMO COPY

## કૃતિ એક લેખક અનેક

| કૃતિ | સાહિત્યકાર | સાહિત્યપ્રકાર |
|---|---|---|
| દશમસ્કંધ | ◆ ભાલણ | પદ |
| | ◆ પ્રેમાનંદ | |
| કુરુક્ષેત્ર | ◆ ન્હાનાલાલ | મહાકાવ્ય |
| | ◆ મનુભાઈ પંચોળી | નવલકથા |
| મામેરું | ◆ પ્રેમાનંદ | આખ્યાન |
| | ◆ નરસિંહ મહેતા | આત્મકથા-પદ |
| નળાખ્યાન | ◆ નાકર | આખ્યાન |
| | ◆ ભાલણ | આખ્યાન |
| | ◆ દયારામ | આખ્યાન |
| | ◆ પ્રેમાનંદ | આખ્યાન |
| શેણી વિજાનંદ | ◆ ઝવેરચંદ મેઘાણી | વાર્તા |
| | ◆ મકરંદ દવે | નાટક |
| સુદામાચરિત્ર | ◆ પ્રેમાનંદ | આખ્યાન |
| | ◆ નરસિંહ મહેતા | પદ |
| | ◆ નાકર | આખ્યાન |
| જ્ઞાનગિતા | ◆ નરહરિ | પદ |
| | ◆ પ્રિતમ | દુહા |
| અમૃત | ◆ કિશનસિંહ ચાવડા | ચરિત્રનિબંધ |
| | ◆ રઘુવીર ચૌધરી | નવલકથા |
| | ◆ દેવજી રામજી મોઢા | કાવ્યસંગ્રહ |
| દ્રૌપદી વસ્ત્રાહરણ | ◆ ભાલણ | આખ્યાન |
| | ◆ ઘીરા પ્રતાપ બારોટ | આખ્યાન |
| | ◆ શામળ | આખ્યાન |
| ઓખાહરણ | ◆ નાકર | આખ્યાન |
| | ◆ પ્રેમાનંદ | આખ્યાન |
| | ◆ દયારામ | આખ્યાન |

## વિવિધ સાહિત્યકારોની જન્મજયંતી અને નિધન

| સાહિત્યકાર | જન્મ | નિધન |
|---|---|---|
| દલતપરામ | 21 જાન્યુઆરી, 1820 (વઢવાણ, સુરેન્દ્રનગર) | 25 માર્ચ, 1898 |
| ઝવેરચંદ મેઘાણી | 28 ઓગસ્ટ, 1896 (ચોટીલા, સુરેન્દ્રનગર) | 9 માર્ચ, 1947 |
| ગાંધીજી | 2 ઓક્ટોબર, 1869 (પોરબંદર) | 30 જાન્યુઆરી, 1948 |
| શૂન્ય પાલનપુરી | 19 ડિસેમ્બર, 1922 (દસક્રોઈ, અમદાવાદ) | 17 માર્ચ, 1987 |
| મકરંદ દવે | 13 નવેમ્બર, 1922 (ગોંડલ, રાજકોટ) | 30 જાન્યુઆરી, 2005 |
| દામોદર બોટાદકર | 27 નવેમ્બર, 1870 (બોટાદ) | 7 સપ્ટેમ્બર, 1924 |
| સૂર્યકાંત ત્રિપાઠી | 21 ફેબ્રુઆરી, 1896 (મિદનાપુર, બંગાળ) | 15 ઓક્ટોબર, 1961 |
| ચુનીલાલ મડિયા | 12 ઓગસ્ટ, 1922 (ધોરાજી, રાજકોટ) | 29 ડિસેમ્બર, 1968 |
| નટવરલાલ પંડ્યા | 28 સપ્ટેમ્બર, 1920 (સાવલી, વડોદરા) | 6 નવેમ્બર, 2011 |

## ગુજરાતી ભાષાના મહત્ત્વનાં સામયિકો

### સામયિક અને સ્થાપક

| સામયિકનું નામ | સ્થાપક |
|---|---|
| મુંબઈ વર્તમાન | નવરોજી દોરાબજી ચાનદારુ |
| જામે જમશેદ | સર જમશેદજી જીજીભાઈ |
| ડાંડિયો | નર્મદ |
| રાસ્ત ગોફ્તાર | દાદાભાઈ નવરોજી |
| સત્યપ્રકાશ | કરસનદાસ મૂળજી |
| ગુજરાત શાળાપત્ર | નવલરામ પંડ્યા |
| ગુજરાતી | ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ |
| પ્રિયંવદા | મણિલાલ નભુભાઈ |
| સુદર્શન | મણિલાલ નભુભાઈ |
| સમાલોચક | ગોવર્ધનરામ ત્રિપાઠી |
| વસંત | આનંદશંકર ધ્રુવ |
| સ્વદેશવત્સલ | હરિ હર્ષદ ધ્રુવ અને ડાહ્યાભાઈ દેરાસરી |
| જૈન હિતેચ્છુ | વાડીલાલ મોતીલાલ શાહ |
| સાહિત્ય | મટુભાઈ હરગોવિંદદાસ કાંટાવાળા |
| વીસમી સદી, ગુલશન | હાજી મહમદ અલારખિયા શિવજી |
| ગુજરાત | કનૈયાલાલ મુનશી |
| સુવર્ણમાલા | શેઠ પુરુષોત્તમ વિશ્રામ માવજી |
| નવચેતન | ચાંપશી વિ. ઉદ્દેશી |
| ગરવી-ગુજરાત | ઉદ્ધવજી તુલસીદાસ |
| ગુણસુંદરી | જયકૃષ્ણ વર્મા અને યજ્ઞેશ શુક્લ |
| શારદા | ગોકુળદાસ રાયચુરા |
| ફૂલછાબ | ઝવેરચંદ મેઘાણી |

DEMO COPY

# 15 ગુજરાતી વ્યાકરણ

## ધ્વનિ શ્રેણી

- ભાષાના નાનામાં નાના ઘટકોને વ્યાકરણમાં 'સ્વર' અને 'વ્યંજન'થી ઓળખવામાં આવે છે. શ્વસનતંત્રના માર્ગમાં હવાને અવરોધતા ઘર્ષણ, કંપન વગેરેથી અવાજ ઉત્પન્ન કરવામાં આવે છે તેને 'ધ્વનિ' કહેવાય છે.
- ધ્વનિશ્રેણીને 'વહાલો' શબ્દની ધ્વનિશ્રેણીમાં અંતે 'ઓ' સ્વર છે, પરંતુ 'ગોપાળ' ધ્વનિશ્રેણીમાં અંતે માત્ર 'ળ્' વ્યંજનધ્વનિ છે. તેના પછી 'અ' સ્વર લખ્યો નથી. કારણ કે છેલ્લા અક્ષર પછી 'અ' સ્વર આવે તો આપણે તે બોલતા નથી, ગુજરાતી ભાષા વ્યંજનાન્ત ભાષા કહેવાય છે.
  - ➥ અરજ : અ + ર્ + અ + જ્ + અ
  - ➥ ગિરિધર : ગ્ + ઈ + ર્ + ઈ + ધ્ + અ + ર્ + અ
  - ➥ હળધર : હ્ + અ + ળ્ + અ + ધ્ + અ + ર્ + અ
  - ➥ શું : શ્ + ઉં
  - ➥ આત્મકથા : આ + ત્ + મ્ + અ + ક્ + અ + થ્ + આ
  - ➥ બિંદુ : બ્ + ઈ + ન્ + દ્ + ઉ
- 'શું'માં 'ઉં' સ્વર છે. પણ 'બિંદુ'માં 'ઈ' સ્વર નથી. કારણ કે આપણે અનુસ્વાર લખીએ છીએ, પણ ત્યાં આપણે ખરેખર 'ન્' બોલીએ છીએ.
- પુણ્યમાં 'ણ' પછી કોઈ સ્વર નથી. તેથી 'ણ્ય' જોડાક્ષર છે. એ જ રીતે 'શિલ્પ'માં 'લ્પ' બોલતી વખતે વચ્ચે કોઈ સ્વરનું ઉચ્ચારણ થતું નથી, તેથી તે જોડાક્ષર છે. કેટલાક જોડાક્ષર ધરાવતી ધ્વનિશ્રેણીને જોઈએ.
  - ➥ પુણ્ય : પ્ + ઉ + ણ્ + ય્ + અ
  - ➥ વચ્ચે : વ્ + અ + ચ્ + ચ્ + એ
  - ➥ અન્ન : અ + ન્ + ન્ + અ
  - ➥ ચિઠ્ઠી : ચ્ + ઈ + ઠ્ + ઠ્ + ઈ
  - ➥ શિલ્પ : શ્ + ઈ + લ્ + પ્ + અ
  - ➥ સ્વરૂપ : સ્ + વ્ + અ + ર્ + ઊ + પ્
  - ➥ અશક્ય : અ + શ્ + અ + ક્ + ય્ + અ
- તમને ખ્યાલ આવ્યો હશે કે જોડાક્ષરમાં જે અક્ષર પહેલા બોલાય છે – પહેલા લખાય છે, તે અડધો લખાય છે.
- ગુજરાતી ભાષામાં કેટલાક જોડાક્ષરો જુદી રીતે લખાય છે અથવા વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવે છે.
- **વિશિષ્ટ લિપિચિહ્ન ધરાવતા જોડાક્ષરો :**

  ક્ષ : ક્ + ષ્ + અ    જ્ઞ : જ્ + ગ્ + અ    ત્ર : ત્ + ર્ + અ

  **ઉદાહરણ :**
  - ➥ ક્ષમા : ક્ + ષ્ + અ + મ્ + આ
  - ➥ વિજ્ઞાન : વ્ + ઈ + જ્ + ગ્ + આ + ન્ + અ
  - ➥ ત્રાડ : ત્ + ર્ + આ + ડ્ + અ
  - ➥ ભિક્ષા : ભ્ + ઈ + ક્ + ષ્ + આ
  - ➥ આજ્ઞા : આ + જ્ + ગ્ + આ
  - ➥ ચિત્ર : ચ્ + ઈ + ત્ + ર્ + અ
- ગુજરાતી ભાષાના કેટલાક જોડાક્ષર દેવનાગરી લિપિ (હિન્દી અથવા સંસ્કૃત ભાષા જેમ લખાય છે તે) અનુસાર લખીએ છીએ. જેમ કે 'દ', 'શ'. આ અક્ષરોના જોડાક્ષર લખતી વખતે મૂંઝવણ થતી હોય છે. વળી, 'દ' અને 'ધ'ના જોડાક્ષરમાં સામ્ય પણ ખૂબ લાગે છે. તેથી તેવા જોડાક્ષર પણ મૂંઝવતા હોય છે. આ અક્ષરના જોડાક્ષરનો પરિચય નીચે મુજબ છે :

**દેવનાગરી લિપિચિહ્નનો પ્રયોગ : દ = द**

| જોડાક્ષર | ઉદાહરણ | શબ્દ | ધ્વનિશ્રેણી |
|---|---|---|---|
| દ્ + દ = દ્દ | મુદ્દો, રદ્દી, મુદ્દલ, તદ્દન, હોદ્દો | મુદ્દો | મ્ + ઉ + દ્ + દ્ + ઓ |
| દ્ + ધ = દ્ધ | શુદ્ધ, યુદ્ધ, બુદ્ધ, વૃદ્ધ, પદ્ધતિ | શુદ્ધ | શ્ + ઉ + દ્ + ધ્ + અ |
| દ્ + મ = દ્મ | પદ્મ, છદ્મ | પદ્મ | પ્ + અ + દ્ + મ્ + અ |
| દ્ + ય = દ્ય | ગદ્ય, પદ્ય, વિદ્યા | વિદ્યા | વ્ + ઈ + દ્ + ય્ + આ |
| દ્ + ર = દ્ર | ચંદ્ર, ભદ્ર, મુદ્રા, તદ્રૂપ | મુદ્રા | મ્ + ઉ + દ્ + ર્ + આ |
| દ્ + વ = દ્વ | દ્વિતીય, દ્વિગુ, વિદ્વાન | દ્વિતીય | દ્ + વ્ + ઈ + ત્ + ઈ + ય્ |
| દ્ + ઋ = દૃ | દૃઢ, દૃશ્ય | દૃશ્ય | દ્ + ઋ + શ્ + ય્ + અ |

DEMO COPY

3. 'પ્રીત કરું પ્રેમથી પ્રગટ થાશે' - અલંકાર જણાવો.
(A) વર્ણાનુપ્રાસ (B) ઉપમા
(C) યમક (D) અંત્યાનુપ્રાસ

4. 'દોડની સ્પર્ધામાં હું હંમેશાં પહેલો રહેતો - સૌથી પાછળ રહી જવામાં' - અહીં કયો અલંકાર છે?
(A) વ્યતિરેક (B) રૂપક
(C) અનન્વય (D) વ્યાજસ્તુતિ

5. 'વા વાયા ને વાદળ ઉમટ્યાં'
–પંક્તિનો અલંકાર ઓળખાવો.
(A) રૂપક (B) ઉપમા
(C) વર્ણાનુપ્રાસ (D) યમક

6. જ્યારે કોઈની નિંદાના રૂપમાં પ્રશંસા કે વખાણ થાય ત્યારે કયો અલંકાર બને છે ?
(A) વ્યાજસ્તુતિ (B) સ્વભાવોક્તિ
(C) ઉપમા (D) અનન્વય

7. 'જેનામાં વૃક્ષપ્રીતિ નથી તેનામાં જાણે કે જીવનપ્રીતિ જ નથી.'
– આ પંક્તિનો અલંકાર ઓળખાવો.
(A) ઉત્પ્રેક્ષા (B) રૂપક
(C) ઉપમા (D) વર્ણાનુપ્રાસ

8. 'મનેખ જેવા મનેખનેય કપરો કાળ આવ્યો.'
– અલંકાર જણાવો.
(A) વ્યતિરેક (B) ઉપમા
(C) વ્યાજસ્તુતિ (D) અનન્વય

9. વૃક્ષો જાણે લીલો પોશાક પહેરીને ઊભાં હતાં. – અલંકાર ઓળખાવો.
(A) ઉત્પ્રેક્ષા (B) વ્યતિરેક
(C) રૂપક (D) ઉપમા

10. 'અટળક ઢળિયો રે શામળિયો'
– આ પંક્તિનો અલંકાર જણાવો.
(A) શ્લેષ (B) ઉપમા
(C) વ્યતિરેક (D) અતિશયોક્તિ

11. 'તું ઢાળ ઢોલિયો, હું ગઝલનો દીવો કરું'
– આ પંક્તિમાં કયો અલંકાર છે ?
(A) વ્યાજસ્તુતિ (B) ઉપમા
(C) ઉત્પ્રેક્ષા (D) રૂપક

12. 'ધૂણી ધખે મારા ધૈર્યની જલતું જીવનકાષ્ઠ'
– આ પંક્તિનો અલંકાર જણાવો.
(A) વ્યતિરેક (B) ઉપમા
(C) રૂપક (D) ઉત્પ્રેક્ષા

13. 'ગાંધીજી એટલે ગાંધીજી' વાક્યમાં કયો અલંકાર છે ?
(A) વ્યતિરેક (B) અનન્વય
(C) ઉપમા (D) ઉત્પ્રેક્ષા

14. અલંકાર ઓળખાવો : 'આ ઇન્દ્રાસન – અણગણ્યા અપરાધોનું જન્મસ્થાન.'
(A) અનન્વય (B) ઉત્પ્રેક્ષા
(C) શ્લેષ (D) રૂપક

15. અલંકાર ઓળખાવો : 'લતા મંગેશકરનો અવાજ કોયલના અવાજ જેવો છે.'
(A) વ્યાજસ્તુતિ (B) ઉપમા
(C) અનન્વય (D) યમક

**જવાબો**

| | | | | |
|---|---|---|---|---|
| 1. (C) | 2. (B) | 3. (A) | 4. (D) | 5. (C) |
| 6. (A) | 7. (A) | 8. (D) | 9. (A) | 10. (A) |
| 11. (D) | 12. (C) | 13. (B) | 14. (D) | 15. (B) |

## છંદ

- છંદના મુખ્ય બે પ્રકાર છે: (1) અક્ષરમેળ (2) માત્રામેળ.

■ **અક્ષરમેળ :**

- આ પ્રકારના છંદમાં લઘુ- ગુરુ અક્ષરોની ચોક્કસ ગણતરી કરી ગણ રચના કરવામાં આવે છે.
- **લઘુ અક્ષરો :** જેમાં રહેલો સ્વર હ્રસ્વ હોય તેને લઘુ અક્ષર કહે છે. અ, ઇ, ઉ, એ, ઋ સ્વરોવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે લઘુ ગણાય છે.
  દા.ત., પ, ફ, રુ, નુ, કિ
- **ગુરુ અક્ષરો :** આ, ઈ, ઊ, એ, ઔ, ઓ સ્વરવાળા વર્ણ અને એ સ્વરો જે વ્યંજનોને લાગ્યા હોય તે ગુરુ અક્ષરો કહેવાય છે.
- **લઘુ અક્ષરો ગુરુ ક્યારે ગણાય ? :**
- સંયુક્તાક્ષરની આગળ આવેલા લઘુ અક્ષરો ગુરુ ગણાય છે.
  દા.ત., મર્મ, પુષ્પ, સત્ય વગેરેમાં મ, પુ, સ ગુરુ બની જાય છે.
- પંક્તિને અંતે આવેલો લઘુ અક્ષર ગુરુ ગણાય છે.
- જે વર્ણોમાં તીવ્ર અનુસ્વાર આવે છે તે વર્ણો ગુરુ ગણાય છે.
  દા.ત., અંત, ગંગા, સંમતિ, કુંડ વગેરેમાં પ્રથમ વર્ણ ગુરુ છે, પરંતુ કુંવર, ગયું, કુંભારમાં અનુસ્વાર પોચો કે મંદ છે તેથી તે લઘુ ગણાય છે.
- વિસર્ગવાળો અક્ષર લઘુ હોય, પણ વિસર્ગનો ઉચ્ચાર કરવો પડે તો તે ગુરુ ગણાય.
  દા.ત., અંતઃકરણમાં 'ત' ગુરુ ગણાય છે.
- **લઘુ ગુરુની સંજ્ઞા :**
- અક્ષર લઘુ હોય તો U ચિહ્ન વપરાય છે.
- અક્ષર ગુરુ હોય તો – ચિહ્ન વપરાય છે.
- **ગણ રચના :** ત્રણ અક્ષરનો સમૂહ છંદશાસ્ત્રની પરિભાષામાં ગણ તરીકે ઓળખાય છે. લઘુ ગુરુ અક્ષરોની વ્યવસ્થા માટે આઠ ગણ નિશ્ચિત કરવામાં આવેલા છે.

DEMO COPY

દા.ત. to have - having
to be - being

- વર્તમાન કૃદંતનો ઉપયોગ નીચે મુજબ છે.

**નામ તરીકે :** વર્તમાન કૃદંત તરીકે આવતું હોય છે. ત્યારે તે સામાન્ય રીતે કર્તા તરીકે આવતું હોય છે. જેના પછી સીધુ મુખ્ય ક્રિયાપદ કે સહાયકારક ક્રિયાપદ આવે છે. ક્રિયાપદ પછી કર્મ તરીકે પણ નામના અર્થમાં કૃદંત આવે છે.

દા.ત. Cycling is the best exercise
I know swimming

**વિશેષણ તરીકે :** જયારે પણ વર્તમાન કૃદંતનો ઉપયોગ વિશેષણ તરીકે થાય છે. ત્યારે તે નામની આગળ અથવા પાછળ આવે છે. એટલે કે તેના દ્વારા નામના અર્થમાં વધારો થાય છે.

દા.ત. I saw a girl dancing in the class.
A barking dog is behind me.

**અપૂર્ણ ક્રિયાપદ તરીકે :**

દા.ત. Seeing the mother, The child stopped crying
The function being over, we went home.

## Exercise

1. Her behaviour was ______.
(A) irritating (B) irritate (C) irritated (D) irritates
2. Raman saw kishan ______ a heavy load.
(A) carry (B) carrying (C) carried (D) carries
3. A ______ face attracts everybody.
(A) smiled (B) smile (C) smiling (D) smiles
4. ______ the noise, Madhubhai opened the door.
(A) hear (B) hears (C) heard (D) hearing
5. The supervisor saw pupils ______ from others.
(A) copying (B) copied (C) copy (D) copies
6. My sister rushed into the room ______.
(A) shout (B) shouting (C) shouts (D) shouted
7. Komal saw a ______ toy monkey at a fair.
(A) dances (B) dance (C) dancing (D) danced
8. Mehul saw a kite ______ in the sky.
(A) fly (B) flew (C) flown (D) flying
9. ______ in the garden, I saw a black - snake.
(A) walking (B) walked (C) walks (D) walk

### જવાબ

| | | | | |
|---|---|---|---|---|
| **1.** (A) | **2.** (B) | **3.** (C) | **4.** (D) | **5.** (A) |
| **6.** (B) | **7.** (C) | **8.** (D) | **9.** (A) | |

## Adverbs (ક્રિયા વિશેષણ)

- જે શબ્દ ક્રિયાપદ, વિશેષણ અન્ય ક્રિયા વિશેષણ, નામયોગી અવયવ અને સંયોજકના અર્થમાં વધારો કરે તેને ક્રિયા વિશેષણ કહે છે.
- ઘણી વખત ક્રિયા વિશેષણ નામના અર્થમાં વધારો કરતું હોય તેવું લાગે છે. પરંતુ નામના અર્થમાં વધારો તો વિશેષણ કરે છે.
- સામાન્ય રીતે ક્રિયા વિશેષણોને 'ly' પ્રત્યય લાગીને બને છે.

દા.ત. Slow - Slowly
Brave - Bravely

- Y નો I કરી 'ly' લગાડવાથી ક્રિયા વિશેષણ બને છે. જેમ કે, Gay-Gaily.
- શબ્દના અંતે e આવતો હોય તો માત્ર 'ly' લગાડવો.

જેમકે... Sincere - Sincerely
Extreme - Exteremely

- ible / able ને 'ly' લાગતાં અન્યત 'e' દૂર કરવો અને 'y' લગાડવો.

જેમકે.... Sensible - Sensibly
Capable - Capably

- **નોંધ :** Friendly, Lovely, Lonely, Likely, lowly વગેરે વિશેષણો છે. જેને ક્રિયા વિશેષણો માનવા એ ભૂલ ભરેલુ છે.
- કેટલાંક Adverbsએ ક્રિયા વિશેષણ અને નામયોગી અવ્યવનાં સંયુક્ત રૂપ હોય છે.

દા.ત. hereafter, hereby, Thereby, herewith, wherefore, where in.

- કેટલાક ક્રિયા વિશેષણો, ક્રિયા વિશેષણ અને વિશેષણનાં સંયુક્ત રૂપ હોય છે.

દા.ત. Abroad, below, around, a long, behind, a loud, a new, etc...

- ક્રિયાવિશેષણ (Adverb) ના ત્રણ પ્રકાર છે.

**1.** Simple Adverbs (સાદાં ક્રિયાવિશેષણ)
**2.** Interrogative Adverbs (પ્રશ્નાર્થ ક્રિયાવિશેષણ)
**3.** Relative Adverbs (સંબંધી ક્રિયા વિશેષણ)

**[1] Simple Adverbs :**

- મોટાંભાગના ક્રિયા વિશેષણો આ પ્રકારના છે.
- Simple Adverbsના પેટા પ્રકાર નીચે મુજબ છે.

**(A) Adverb of Time :**

- જયારે બે સાદાં વાક્યમાંથી એક વાક્ય બીજા વાક્યમાં થતી ક્રિયાનો સમય દર્શાવે છે. ત્યારે તેવા વાક્યોને જોડવા માટે When, While, till, untill, before, after જેવા સંયોજકો વપરાય છે.
- આવા સંયોજકોથી શરૂ થતા ઉપવાક્યો, મુખ્ય વાક્યની ક્રિયા થઈ તે દર્શાવે છે. તેથી તેને Adverb Clause of Time કહે છે. ટૂંકમાં Whenથી પ્રશ્ન પૂછવાથી જે ઉત્તર મળે તેને Adverb Clause of Time કહે છે.

દા.ત. When the sun sets, farmers go home.
Before I go home, I do my homework.
Don't go out, untill I ask you.
Mohan is reading now.
My uncle will soon return.

**(B) Adverb of Reason :**

- 'Why' વડે પ્રશ્ન પૂછતાં Adverb of Reason મળે છે.
- As- since - because, There fore, Hence- Consequently જેવા શબ્દો Adverb of Reason સૂચવે છે.

દા.ત. There fore They came late.
Since, I want to read your book, I want it.
I will go by bus because my car is out of order.

**(C) Adverb of Manner :**

- How વડે પ્રશ્ન પૂછતાં Adverb of Manner મળે છે.

DEMO COPY

He eats a banana.
Reshma goes to home.
The elephants eat green grass.
Mohan watches T.V.

- અહીં ઉપરના વાક્યોમાં આપણે જોઈશું તો જ્યાં-જ્યાં કર્તા તરીકે વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનના રૂપ વપરાય છે, ત્યાં-ત્યાં ક્રિયાપદને 's' અને 'es' લગાવવામાં આવ્યું છે. બાકી બધે મૂળ રૂપ મૂકાય છે.

1. જે ક્રિયાપદને છેડે s, ss, ch, sh, o કે x આવતો હોય તેવા તમામ ક્રિયાપદને 'es' લગાવવું.
   જેમ કે, Catch - Catches
   Mix - Mixes
   wash-washes
   go-goes
   pass-passes
2. જે ક્રિયાપદને છેડે ય હોય અને અની આગળ વ્યંજન હોય તો y નો i કરી 'es' લગાવવું.
   જેમ કે, cry -cries
   fly - flies
   try-tries
   fry-fries
3. પરંતુ જો ક્રિયાપદને છેડે 'ય' હોય પરંતુ તેની આગળ જો સ્વર હોય તો માત્ર 'ય' મૂકવો.
   જેમ કે, play-plays
   pray-prays
   say-says
   pay-pays
4. જે ક્રિયાપદને છેડે 'o' આવતો હોય અને તેની આગળ જો વ્યંજન હોય તો 'es' લગાવવું અને સ્વર હોય તો માત્ર 's' લગાવવું.

- **નકાર વાક્ય :** નકાર વાક્ય રચનામાં Do,Does નો ઉપયોગ થાય છે. જેમાં જો વર્તમાનકાળ ત્રીજો પુરુષ એકવચનનું રૂપ કર્તા તરીકે હોય તો Does not વાપરવું અને જો તેના સિવાયના રૂપ કર્તા તરીકે હોય તો Do not વાપરવું. અહીં ખાસ ધ્યાન એ રાખવું કે ક્રિયાપદનું મૂળરૂપ જ મુકાય છે.

દા.ત. I do not eat bananas.
We do not drink tea.
Mohan does not take coffee.
Geeta does not play chess.
The cuckoo does not sing well.
They do not get job.

- અહીંયા વાક્ય રચના નીચે મુજબ બનશે.
  કર્તા + do / does + not + ક્રિયાપદનું મૂળરૂપ + કર્મ
  **પ્રશ્નાર્થ વાક્ય : (વાક્ય રચના)**
  do / does + કર્તા + ક્રિયાપદનું મૂળરૂપ + કર્મ.
  પ્રશ્નાર્થ વાક્યમાં જો કર્તા ત્રીજો પુરુષ એકવચન હોય તો does વપરાય અને તેની સિવાયના રૂપો માટે do વપરાય છે.

દા.ત. Do you drive a car?
Does Krishna teach English?
Do we learn sanskrit?
Does he give Medicines?
Do I go to office?

## Exercise

1. The sun _____ in the west.
   (A) set (B) sets
   (C) setting (D) None of the above
2. I _____ everyday at 6 o'clock.
   (A) getting up (B) got up
   (C) gets up (D) getup
3. sometimes khyati ______ Ramayana.
   (A) reads (B) reading
   (C) read (D) none of the above
4. The leopard ____ meat.
   (A) eat (B) eating
   (C) eats (D) eaten
5. We_______ not learn English
   (A) do (B) does
   (C) did (D) None of the above
6. Mehul ______ not ________ good money.
   (A) do, earn (B) does earn
   (C) do earns (D) does, earns
7. ______ you ______ a car?
   (A) does, drive (B) do, drives
   (C) does, drives (D) do drive
8. ______ Soham _________tea.
   (A) does, makes (B) do make
   (C) does, make (D) do makes
9. They ______ twelve coloured pencils.
   (A) have (B) has
   (C) is (D) am
10. The dogs _____ faithful animals.
    (A) is (B) are
    (C) has (D) have
11. We often ____ to the office.
    (A) go (B) goes
    (C) going (D) gone.

## ANSWER

| | | | | |
|---|---|---|---|---|
| **1.** (B) | **2.** (D) | **3.** (A) | **4.** (C) | **5.** (A) |
| **6.** (B) | **7.** (D) | **8.** (C) | **9.** (A) | **10.** (B) |
| **11.** (A) | | | | |

## Present Continuous Tense (ચાલુ વર્તમાનકાળ)

- વર્તમાનની કોઈ ક્રિયા હમણાં ચાલુ છે તેવું દર્શાવવા માટે ચાલુ વર્તમાનકાળ વાપરી શકાય છે.
- ચાલુ વર્તમાનકાળમાં to be નાં રૂપ am, is, areની સાથે ક્રિયાપદમાં 'ing' લગાવવામાં આવે છે.
  જેમ કે, play - playing
  eat-eating
- અહી ખાસ ધ્યાન એ રાખવું કે જો કર્તા તરીકે, I હોય તો am અને ing વાળું રૂપ મૂકવું.
- He, she, it કે કોઈ જાતિવાચક નામ પરંતુ જો તે એકવચન હોય તો i જ મૂકવું અને ક્રિયાપદનું ingવાળુ રૂપ મૂકવું અને જો we, you, they અથવા બહુવચન નામ હોય તો are અને ing વાળું રૂપ મૂકવું.

DEMO COPY

# ONE WORD SUBSTITUTION

One word substitution is a short word that concises a long phrase or idea and makes it precise.
They can be classified into different categories like :
General terms, Fear / Phobia, Group / Collection, Government, Killing / Death / Murder, Likes / Dislikes, Marriage, Person / People, Place / Venue, Profession, Study / Science / Research

| General Terms | |
|---|---|
| A shortened form of a word or phrase. | Abbreviation |
| Voluntary giving up the position in favour of someone | Abdication |
| Appreciation of beauty or art or love for beauty | Aesthetic |
| An annual calendar containing important dates and information of events | Almanac |
| An official pardon granted by the government to political offenders | Amnesty |
| A test to know the sex of the foetus | Amniocentesis |
| Something that is very old | Ancient |
| A speech or action that show disrespect or contempt for God, deity or religion | Blasphemy |
| Release someone from his duty or obligation | Exonerate |
| Complex situation or a mix - up | Imbroglio |
| Fear of water | Hydrophobia |
| Fear of dead body | Necrophobia |
| Fear of night or darkness | Nyctophobia |
| Fear of being without your mobile phone | Nomophobia |
| Fear of snakes | Ophiophobia |
| Fear of relatives | Syngenesophobia |
| Fear of death | Thanatophobia |
| Fear or dislike of foreigners | Xenophobia |
| Fear of animals | Zoophobia |
| A group of worshippers | Congregation |
| A small fleet of ships or boats | Flotilla |
| A community of people smaller than a village | Hamlet |
| A large group of people | Horde |
| A large group of people gathered for violence | Mob |
| A large number of fish swimming together | Shoal |
| A large number of people gathered to watch a game or event | Spectators |
| Government by elected representatives | Democracy |
| Government by two agencies | Diarchy |
| Government by old people | Gerontocracy |
| Government by worst, least qualified people | Kakistocracy |
| Government by new or inexperienced people | Neocracy |

DEMO COPY

MULTI COLOUR Edition

GPSC, PSI-કોન્સ્ટેબલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, પંચાયત સેવા પસંદગી મંડળ,
શિક્ષક યોગ્યતા કસોટી (TAT-TET), જેવી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ખુબ જ ઉપયોગી પ્રકાશન

LATEST 2022

# કમ્પ્યૂટર પરિચય

## કમ્પ્યૂટરનું પાયાનું જ્ઞાન

સાતમી અધતન આવૃત્તિ

અગત્યના **વન-લાઇનર** તથા અગાઉની પરીક્ષાના કુલ **1500+** પ્રશ્નોનો સમાવેશ



**Appendix G**ની વિગતવાર માહિતીનો સંપૂર્ણ સમાવેશ

કોમ્પ્યુટરની તમામ **SHORT CUT KEYS**નો સમાવેશ

**Appendix H / CPT** (કોમ્પ્યુટર પ્રૉફિસિયન્સી ટેસ્ટ)ના દરેક મુદ્દાઓની ઉદાહરણ સહિત માહિતી

**MS WORD, EXCEL** તથા **POWER POINT**ના દરેક મેનુનું ટેબલ સ્વરૂપે વિસ્તૃતીકરણ

**MS OFFICE 2013**ની સંપૂર્ણ માહિતીનો સમાવેશ

લેખન
બ્રિજ પંચાલ • ધવલ શર્મિષ્ઠાબહેન પંચાલ

સંપાદન
જગદીશ પટેલ

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

# 17 અંક ગણિત અને સામાન્ય બૌદ્ધિક ક્ષમતા

## સામાન્ય બૌદ્ધિક ક્ષમતા

### 1.શ્રેણી (Series)

- શ્રેણી આધારિત પ્રશ્નો આંકડા અથવા અક્ષર આધારિત હોય છે. આ કસોટી દ્વારા ઉમેદવારની ઝડપી ગણતરીની ક્ષમતાને તપાસવામાં આવે છે. સાથે સાથે આવા પ્રશ્નો દ્વારા વિભિન્ન અક્ષરો કે અંકો વચ્ચે તેમની સ્થિતિ અનુસાર તમે કેટલી ઝડપથી સંબંધોનું નિર્ધારણ કરી શકો છો, તેનું પણ પરીક્ષણ કરવામાં આવે છે.
- અંગ્રેજી મૂળાક્ષરો આધારિત શ્રેણીસંબંધી પ્રશ્નોને ઉકેલતી વખતે તમામ મૂળાક્ષરોની સ્થિતિ તમારા માનસપટ પર સ્પષ્ટ અંકિત હોવી જોઈએ. જો તમને અંગ્રેજીના મૂળાક્ષરોની સ્થિતિ કંઠસ્થ હશે તો તમે આ શ્રેણીનો ઉકેલ ખૂબ જ ઝડપથી લાવી શકશો.

| A | B | C | D | E | F | G | H | I | J | K | L | M |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 9 | 10 | 11 | 12 | 13 |
| N | O | P | Q | R | S | T | U | V | W | X | Y | Z |
| 14 | 15 | 16 | 17 | 18 | 19 | 20 | 21 | 22 | 23 | 24 | 25 | 26 |

- શ્રેણી આધારિત પ્રશ્નોમાં એક સંખ્યાની શ્રેણી અથવા અંગ્રેજી મૂળાક્ષરોના અક્ષરો એકલા કે જૂથમાં જે કોઈ એક વિશિષ્ટ નિયમ પ્રમાણે વ્યવસ્થિત રીતે આવતા હોય છે. સામાન્ય રીતે શ્રેણીમાં આવતા અંકો સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર પર આધારિત હોય છે. એક શ્રેણીનાં પદો ઘણીવાર વર્ગ કે ઘન પર પણ આધારિત હોય છે. ક્યારેક ક્યારેક શ્રેણીમાં એક ખોટું પદ મૂકી દેવામાં આવે છે જેને ઓળખવાના હોય છે.

### અક્ષર શ્રેણી (Alphabet Series)

- સૌપ્રથમ અક્ષર શ્રેણી (Letter Squence)નો અર્થ જાણી લેવો જરૂરી છે. 'અંગ્રેજી મૂળાક્ષરોની ક્રમમાં ગોઠવણી' આપણે અંગ્રેજી મૂળાક્ષરો ABCD અને આગળ...થાય તે અક્ષર શ્રેણી છે. આ અક્ષર શ્રેણી વિવિધ રીતે રચાય છે. તે કોઈ ચોક્કસ પદ્ધતિ (pattern)ને અનુસરે છે. આપણે આ અક્ષર શ્રેણીનો અભ્યાસ કરી તેની તરેહ કે ચોક્કસ નિયમ શોધી કાઢવાનો હોય છે. આ નિયમને આધારે તમારે ખૂટતાં અક્ષર શોધવાના છે. નીચેનાં ઉદાહરણોનો અભ્યાસ કરો :

**ઉદાહરણ-1 :** નીચેની અક્ષર શ્રેણીમાં ખૂટતાં અક્ષરો માટે કયો વિકલ્પ સાચો છે ?

a__ __ d __ __ gh __ __ k __ __ n

(A) a c d l m n o p  (B) c e f i k l m o
**(C) b c e f i j l m**  (D) b c d f g i j k

- આ પ્રમાણે જો આપણે a b c d e f g h i j k l m n લખીએ તો રેખાંકિત અક્ષરો b c e f i j l m ઉપરોક્ત શ્રેણીમાં ખૂટે છે. આથી સાચો ઉત્તર વિકલ્પ (C) છે.

**ઉદાહરણ-2 :** નીચેની શ્રેણીમાં ખૂટતાં અક્ષરો માટે કયો વિકલ્પ સાચો છે ?

RQ __ ON__ LK __ IH __ FE

(A) P M G J  **(B) P M J G**
(C) M P G J  (D) G J M P

હવે, અક્ષરોની ગોઠવણી નીચે મુજબ કરતાં જુઓ.
E F G H I J K L M N O P Q R
આથી વિકલ્પ (B) P M J G સાચો ઉત્તર છે.

**ઉદાહરણ-3 :** A, B, D, G, ?

(A) M  (B) L  (C) K  (D) H

**ઉત્તર :**




- A અને B વચ્ચે ખૂટતો અક્ષર શૂન્ય, B અને D વચ્ચે ખૂટતો અક્ષર C (એક), D અને G વચ્ચે ખૂટતાં અક્ષર (બે) E F છે. હવે, G પછી ખૂટતાં અક્ષર (ત્રણ) H I J તેથી ખૂટતો અક્ષર K સાચો ઉત્તર. વિકલ્પ (C) સાચો ઉત્તર છે.

**ઉદાહરણ-4 :** નીચેના અક્ષરોની શ્રેણીમાં ખૂટતા અક્ષરો માટે કયો વિકલ્પ સાચો છે ?

dc _ e _ gj _ l _

**(A) f h i k**  (B) f g k i  (C) h i k f  (D) f h i g

- આપેલ શ્રેણી જુઓ. ab ને બદલે ba cd ને બદલે dc એ રીતે સ્થાનફેર કરી અક્ષરો મૂક્યા છે, એટલે કે fg, hg, ji, lk એટલે ઉત્તર વિકલ્પ (A) f h i k આવશે.

**ઉદાહરણ-5 :** CX , FU, HS, _ ?

**(A) IR**  (B) IV  (C) JQ  (D) KP

- અહીં (1) A , (2) B તે રીતે (3) C અને તે જ રીતે છેલ્લેથી ત્રીજો અક્ષર C છે. તેવી જ રીતે F પહેલેથી છઠ્ઠો, જ્યારે U છેડેથી છઠ્ઠો અક્ષર છે.
- હવે, વિકલ્પની ચકાસણી કરતાં વિકલ્પ (A) નિયમ મુજબ છે જેમાં I પહેલેથી Q નંબરે છે અને R છેલ્લેથી Q નંબર પર છે.

**ઉદાહરણ-6 :** MN, LO, KP ?

(A) JR  (B) IQ  **(C) JQ**  (D) HQ

- અહીં પ્રશ્નમાં આપેલ જોડીઓ જોતા પ્રથમ જોડી MN છે L એ Mની આગળનો અને O N પછીનો અક્ષર છે. એ રીતે V Kની આગળનો Pની પછીનો અક્ષરની જોડી વડે સાચો ઉત્તર બને. તેથી માગ્યા મુજબનો ઉત્તર JQ છે. માટે વિકલ્પ (C) JQ સાચો ઉત્તર છે.

DEMO COPY

- જો વિધાનમાં સલાહ, પરિણામ, નિવારણ, પ્રચાર કે જાહેરાત આપેલ હોય તેમાં સીધી જોડાયેલી વાત કરવામાં આવી હોય અને તે મૂળ ઉદ્દેશની પૂર્તિ કરતું હોય તો તેને સત્ય માનવું જોઈએ.
- જો તારણમાં અનુમાન કે ધારણા આપવામાં આવી હોય તો તે ખોટાં હોય છે તથા કથનમાં જે જાણકારી આપવામાં આવે છે તે સિવાયની કોઈ પણ બાબત સાચી હોતી નથી.
- જો વિધાનમાં સરકારી હુકમ, નિયમનો ઉલ્લેખ કરવામાં આવે અને તારણ તેની સાથે સીધો સંબંધ ધરાવતું હોય તો તારણ સાચું હોય છે.
- જો કોઈ તારણ કે માહિતીનો કોઈ ભાગ કે તમામ ભાગ વિધાનમાં સામેલ હોય તો તે સાચો હોય છે.
- ભૂતકાળ કે ભવિષ્યકાળની બાબતોને તારણના રૂપમાં સામાન્ય રીતે ન માનવી જોઈએ. કારણ કે આજે જે બાબત કથનમાં આપવામાં આવી છે તેના આધારે ભૂતકાળમાં તેની શું સ્થિતિ હતી તે બાબતમાં કશું કહી શકાતું નથી અને વર્તમાન સ્થિતિ પરથી ભવિષ્ય માટે માત્ર અનુમાન કરી શકાય છે, નિષ્કર્ષ નહીં.

## ઉદાહરણો

- નીચે આપેલા દરેક પ્રશ્નમાં એક કથન અને નીચે બે તારણ આપવામાં આવ્યાં છે. કથનને સાચું માનીને કથન કયા તારણને અનુસરે છે તે જણાવો.

(A) જો તારણ I કથનને અનુસરે

(B) જો તારણ II કથનને અનુસરે

(C) જો તારણ I અથવા II કથનને અનુસરે

(D) ન તો તારણ I કે ન તો તારણ II અનુસરે

1. **કથન :** ભારતના ગૌરવશાળી ભૂતકાળનું સૌથી મોટું પ્રમાણ એ છે કે પશ્ચિમમાં આયુર્વેદ પ્રણાલીની વધતી લોકપ્રિયતા

**તારણ :** I. આયુર્વેદની દવાઓ ભારતમાં લોકપ્રિય નથી.

II. ભારતમાં એલોપથીની દવાઓ વધારે લોકપ્રિય છે.

2. **કથન :** ક્લાર્કની ખાલી જગ્યાઓની વધારેમાં વધારે સંખ્યા 400ની છે, જે ભરતી દરમિયાન ભરાશે. — દેના બેંકની જાહેરાત.

**તારણ :** I. દેના બેંક 400થી ઓછા ક્લાર્કોની ભરતી કરી શકે છે.

II. દેના બેંક આ તબક્કામાં 400 ક્લાર્કોની ભરતી કરી શકે છે.

3. **કથન :** જ્યારે આપણે સરકારનો ગ્રામીણ અને શહેરી બન્ને ક્ષેત્રો પ્રત્યેનો અભિગમ જોઈએ છીએ ત્યારે ગ્રામીણ અને શહેરી વિકાસની સમસ્યાઓમાં અસમાનતાઓ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

**તારણ :** I. સરકારનું ધ્યાન શહેરી વિકાસ કરતાં ગ્રામીણ વિકાસ તરફ વધારે છે.

II. સરકારનું ધ્યાન ગ્રામીણ વિકાસની અપેક્ષાએ શહેરી વિકાસ પ્રત્યે વધારે છે.

## જવાબો સમજૂતી સાથે

1. (D) બન્ને તારણ કથનને અનુસરતાં નથી. કારણ કે કથનમાં એ દર્શાવવામાં આવ્યું નથી કે ભારતમાં આયુર્વેદિક દવાઓની શું સ્થિતિ છે. તેથી એ તારણ કાઢી શકાતું નથી કે આયુર્વેદિક દવાઓ ભારતમાં લોકપ્રિય છે કે નહીં તથા કથનમાં એલોપેથિક દવાઓ બાબતની ચર્ચા કરવામાં આવી નથી. તેથી એ તારણ કાઢી શકાય નહીં કે ભારતમાં એલોપથી દવાઓ વધારે લોકપ્રિય છે.
2. (B) માત્ર તારણ-II કથનને અનુસરે છે. કારણ કે કથનમાં દેના બેંક દ્વારા 400 ખાલી જગ્યાઓ બાબતની જાહેરાત આપવામાં આવી છે અને તે ભરતી દરમિયાન ભરાશે.
3. (C) માત્ર તારણ-I કે તારણ-II કથનનું અનુસરણ કરે છે. કારણ કે કથનથી એ સ્પષ્ટ થતું નથી કે કોનો વિકાસ વધારે થયો છે. તે નક્કી નથી થતું કે સરકારનું ધ્યાન શહેરી વિકાસ તરફ વધારે છે કે ગ્રામીણ વિકાસ તરફ વધારે છે.

## કથન અને દલીલો (Statement & Argument)

- આ શીર્ષક નીચે પુછાતા પ્રશ્ન સામાન્યતઃ તર્ક-વિતર્કની ક્ષમતા પર આધારિત હોય છે. પ્રશ્નના રૂપમાં એક કથન અને તેની નીચે બે તર્ક (એક સકારાત્મક અને બીજો નકારાત્મક) આપવામાં આવે છે.
- તમારે એ નક્કી કરવાનું છે કે કયો તર્ક મજબૂત છે અને કયો તર્ક નબળો છે. આમાં પુછાનાર પ્રશ્નો સામાજિક, રાજકીય, ધાર્મિક, આર્થિક તથા કાયદાકીય ક્ષેત્રને લગતા હોય છે.
- આ પ્રકારના પ્રશ્નોને ઉકેલતાં પહેલાં કેટલીક બાબતોનું ધ્યાન રાખવું જરૂરી છે.
- જો આપેલ તર્ક સ્પષ્ટ રીતે કથન સાથે સંકળાયેલ હોય તો તે સબળ તર્ક હશે.
- જો આપેલ તર્ક સલાહ કે નિદાન સંબંધિત હોય તથા કથનની સાથે સીધો સંબંધ ધરાવતો હોય તો તે પ્રબળ તર્ક હશે.
- પ્રબળ તર્ક પ્રશ્નવાચક હોતો નથી. પ્રબળ તર્ક વૈજ્ઞાનિક તથ્યો પર આધારિત અને સ્પષ્ટ અર્થવાળો હોય છે. જ્યારે નિર્બળ તર્ક તથ્યહીન અને અસ્પષ્ટ અર્થવાળો હોય છે.
- પ્રબળ તર્ક સામાજિક, રાજકીય, ધાર્મિક, કાનૂની અને અન્ય વિચારોને અનુરૂપ હોય છે.
- રાષ્ટ્રહિતમાં કે લોકહિતમાં આપેલો તર્ક હંમેશાં પ્રબળ હોય છે.
- પ્રબળ તર્ક તુલનાત્મક હોતો નથી અને આવા તર્કમાં પ્રશ્નની પુનરાવૃત્તિ થતી હતી.
- એવા તર્ક કે જેમાં એકમાત્ર, કેવળ, ફક્ત, વગેરે શબ્દોનો ઉપયોગ થતો હોય તો તે નિર્બળ તર્ક છે.

DEMO COPY

# અંક ગણિત

## સંખ્યા પદ્ધતિ

| સંખ્યા | સૌથી નાની સંખ્યા | સૌથી મોટી સંખ્યા | કુલ સ-ંખ્યા |
|---|---|---|---|
| એક અંકની | 1 | 9 | 09 |
| બે અંકની | 10 | 99 | 90 |
| ત્રણ અંકની | 100 | 999 | 900 |

**Trick**

જે તે અંકની કુલ સંખ્યા = જે તે અંકની સ-ૌથી મોટી સંખ્યા – જે તે અંકના અગાઉના અંકની સૌથી મોટી સંખ્યા

ઉદા. ચાર અંકની કુલ સંખ્યા = 9999 – 999 = 9000

### સંખ્યાની સ્થાનકિંમત (Place Value)

(1) 15627માં 1ની સ્થાનકિંમત → 1 × 10000= 10000 (દસ હજાર)

(2) 15627માં 5ની સ્થાનકિંમત → 5 × 1000 = 5000 (પાંચ હજાર)

(3) 15627માં 6ની સ્થાનકિંમત → 6 × 100 = 600 (છસો)

(4) 15627માં 2ની સ્થાનકિંમત → 2 × 10 = 20 (વીસ)

(5) 15627માં 7ની સ્થાનકિંમત → 7 × 1 = 7 (સાત)

### વાસ્તવિક કિંમત (Face Value)

જે અંકની કિંમત તે અંક પોતે જ હોય.

ઉદા. 15627માં 5ની વાસ્તવિક કિંમત 5

**યાદ રાખો**

| 1 | 5 | 6 | 2 | 7 |
|---|---|---|---|---|
| ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
| દસ હજાર | હજાર | સો | દશકનો અંક | એકમનો અંક |

### સંખ્યાઓના પ્રકાર (Types of Numbers)

- **પ્રાકૃતિક સંખ્યાઓ** (Natural Numbers) : શૂન્ય સિવાયની તમામ ધન સંખ્યાઓને પ્રાકૃતિક સંખ્યાઓ કહે છે.
  **ઉદા.** 1, 2, 3, 4, 5... વગેરે
  ☛ પ્રાકૃતિક સંખ્યાઓને સંકેતમાં N વડે દર્શાવવામાં આવે છે.
- **પૂર્ણ સંખ્યાઓ** (Whole Numbers) : શૂન્ય સાથેની તમામ ધન સંખ્યાઓને પૂર્ણ સંખ્યાઓ કહે છે.
  **ઉદા.** 0, 1, 2, 3, 4, 5... વગેરે
  ☛ પૂર્ણ સંખ્યાઓને સંકેતમાં W વડે દર્શાવવામાં આવે છે.
  ☛ 0 (શૂન્ય)એ સૌથી નાની પૂર્ણ સંખ્યા છે.
- **પૂર્ણાંક સંખ્યાઓ** (Integers) : પૂર્ણાંક સંખ્યાઓમાં ધન, ઋણ અને શૂન્ય સંખ્યાઓનો સમાવેશ થાય છે. જેને સંકેતમાં 'Z' થી ઓળખવામાં આવે છે.
  **ઉદા.** –4, –3, –2, –1, 0, 1, 2, 3, 4, .......

**નોંધ**

◆ શૂન્ય એ પૂર્ણ સંખ્યા છે, પરંતુ ધન કે ઋણ નથી.

- **એકી સંખ્યાઓ** (Odd Numbers) : જે પ્રાકૃતિક સંખ્યાઓને 2 વડે નિ:શેષ ભાગી શકાય નહીં, તેવી બધી જ સંખ્યાઓને એકી સંખ્યાઓ કહે છે.
  **ઉદા.** 1, 3, 5, 7, 9, 11, ... એકી સંખ્યાઓ છે.
- **બેકી સંખ્યાઓ** (Even Numbers) : જે પ્રાકૃતિક સંખ્યાઓને બે (2) વડે નિ:શેષ ભાગી શકાય તેવી બધી જ સંખ્યાઓને બેકી સંખ્યા કહે છે.
  **ઉદા.** 2, 4, 6, 8, 10 ... બેકી સંખ્યાઓ છે.
- **અવિભાજ્ય સંખ્યાઓ** (Prime Numbers) : જે સંખ્યાને માત્ર 1 વડે અને પોતાના વડે નિ:શેષ ભાગી શકાય તેને અવિભાજ્ય સંખ્યા કહે છે.

  **અથવા**

  જે સંખ્યાને માત્ર બે જ અવયવો હોય તે સંખ્યાને અવિભાજ્ય સંખ્યા કહે છે.
  **ઉદા.** 2, 3, 5, 7, 11, ... વગેરે
  ☛ અવિભાજ્ય હોય અને બેકી પણ હોય એવી એકમાત્ર સંખ્યા 2 છે.

**યાદ રાખો**

1થી 25 વચ્ચેની અવિભાજ્ય સંખ્યાઓ = 9
1થી 50 વચ્ચેની અવિભાજ્ય સંખ્યાઓ = 15
1થી 100 વચ્ચેની અવિભાજ્ય સંખ્યાઓ = 25
50થી 100 વચ્ચેની = 25 – 15 = 10

- **Co-Primes સંખ્યાઓ** : જે બે પ્રાકૃતિક સંખ્યાઓનો ગુ.સા.અ. 1 હોય તેવી જોડને Co-Prime સંખ્યાઓ કહે છે.
  **ઉદા.** (7, 9), (15, 16)
- **વિભાજ્ય સંખ્યાઓ** (Composite Numbers) : જે સંખ્યાને 1 અને પોતાના સિવાયની અન્ય સંખ્યાથી પણ નિ:શેષ ભાગી શકાય તેવી સંખ્યાને વિભાજ્ય સંખ્યા કહે છે.

  **અથવા**

  જે સંખ્યાને માત્ર બે કરતાં વધુ અવયવો છે તેને વિભાજ્ય સંખ્યા કહે છે.
  **ઉદા.** 6, 12, 20, 28, 36 ... વગેરે. જેમ કે, 6 = 1 × 2 × 3 થાય.

DEMO COPY

# ઘડિયાળ

- ઘડિયાળની મદદથી આપણે સમય માપી શકીએ છીએ. તે માટેના એકમો કલાકો, મિનિટ અને સેકન્ડ છે. સમય દર્શાવવા માટે કલાક કાંટો, મિનિટ કાંટો અને સેકન્ડ કાંટો હોય છે.

### ■ કલાક કાંટો :

- આ કાંટાની લંબાઈ મિનિટ કાંટાની લંબાઈ કરતાં ઓછી હોય છે. મિનિટ કાંટા કરતાં તેની ઝડપ ઓછી હોય છે. કલાક કાંટો એક આંટો પૂરો કરે છે ત્યારે 12 કલાકનો સમય થાય છે. કલાક કાંટો એક દિવસમાં 2 આંટા પૂરા કરે છે.

### ■ મિનિટ કાંટો :

- આ કાંટો કલાક કાંટા કરતાં ઝડપથી ફરે છે. દર કલાકે તે એક આંટો પૂરો કરે છે. મિનિટ કાંટો, કલાક કાંટા કરતાં વધારે લંબાઈ ધરાવે છે.

### ■ સેકન્ડ કાંટો :

દર મિનિટે, સેકન્ડ કાંટો એક આંટો પૂરો કરે છે.

- 1 આંટા = 360°
- 1 સ્ટેપ (જેમ કે 1થી 12ની વચ્ચેના 12 સ્ટેપ પૈકીનું એક)નો ખૂણો = 30° (∵ 360° ÷ 12)
- જ્યારે મિનિટ કાંટો એક રાઉન્ડ પૂરો કરે છે, ત્યારે કલાક કાંટો એક સ્ટેપ ફરે છે. એટલે કે,

મિનિટ કાંટાનો એક આંટો (= 360°)

= કલાક કાંટાનો 1 સ્ટેપ (= 30°)

આથી, મિનિટ કાંટાના એક સ્ટેપ (= 30°)

= કલાક કાંટાના = $\frac{30 \times 30}{360}$ = 2.5°

**યાદ રાખો**

(1) દર એક કલાકના સમયગાળામાં બે કાંટા એક વખત ભેગા થાય છે.

(2) જ્યારે બે કાંટા ભેગા થાય છે અથવા બંને એકબીજાની વિરુદ્ધ દિશામાં હોય છે ત્યારે બંને કાંટા એક સીધી લીટીમાં હોય છે.

(3) જ્યારે બે કાંટા વચ્ચે કાટખૂણો હોય છે, ત્યારે બે કાંટા વચ્ચે 15 મિનિટનો સમય ગાળો દર્શાવતા ભાગ જેટલી (3 સ્ટેપ) જગ્યા હોય છે.

(4) જ્યારે બે કાંટા એકબીજાની વિરુદ્ધ દિશામાં હોય છે, ત્યારે બે કાંટા વચ્ચે 30 મિનિટનો સમયગાળો દર્શાવતા ભાગ જેટલી (6 સ્ટેપ) જગ્યા હોય છે.

(5) કલાક કાંટો 12 કલાકમાં 360° ફરે છે. કલાક કાંટો 1 કલાકમાં (360° ÷ 12) = 30° ફરે છે. તથા કલાક કાંટો 1 મિનિટમાં (30° ÷ 60) = 0.5° ફરે છે.

(6) મિનિટ કાંટો 1 કલાક (= 60 મિનિટ)માં 360° ફરે છે. મિનિટ કાંટો 1 મિનિટમાં (360° ÷ 60) = 6° ફરે છે.

(7) મિનિટ કાંટો 60 મિનિટમાં એક રાઉન્ડ પૂરો કરે છે, ત્યારે ખરેખર એને 55 મિનિટમાં જેટલો ફર્યો હોય તેટલો જ ફાયદો થાય છે. કારણ કે મિનિટ કાંટાના 60 મિનિટના ભ્રમણને લીધે કલાક કાંટો 1 સ્ટેપ આગળ ચાલ્યો જાય છે. જેમકે 12 વાગે બંને કાંટા ભેગા હતા. 1 કલાક બાદ મિનિટ કાંટો ફરીથી 12 ઉપર આવશે ત્યારે મિનિટ કાંટા અને કલાક કાંટા વચ્ચે 1 સ્ટેપ (5 મિનિટ)નો ગાળો હશે, એટલે કે મિનિટ કાંટો 60 મિનિટ ચાલે છે. પરંતુ તેને ફાયદો 55 મિનિટના અંતર જેટલો જ થાય છે. એટલે મિનિટ કાંટાના 60 મિનિટના ભ્રમણથી 5 મિનિટનું નુકસાન થાય છે. તેથી 24 કલાકમાં (24 × 5 = 120 મિનિટ =) 2 કલાકનું નુકસાન થાય છે તે મુજબ 12 કલાકમાં 1 કલાકનું નુકસાન થાય છે.

(8) ઉપર મુદ્દા નં. 5 અને 6 ઉપરથી મિનિટ કાંટો 1 મિનિટમાં 6° ફરે છે, તથા કલાક કાંટો 1 મિનિટમાં 0.5° ફરે છે. આથી, મિનિટ કાંટો 1 મિનિટમાં 6° આગળ વધે છે. પરંતુ એ સમયગાળા દરમિયાન કલાક કાંટો 0.5° આગળ વધે છે. આથી 1 મિનિટના અંતે બે કાંટા વચ્ચે 6° ને બદલે (6° – 0.5° = ) 5 5°નું અંતર રહેશે.

### ■ વિશિષ્ટ ઉદાહરણો :

**1.** ઘડિયાળમાં 3 વાગીને 30 મિનિટે બે કાંટાઓ વચ્ચે કેટલા માપનો ખૂણો હશે ?

**રીત 1** આ પ્રશ્નમાં સૌપ્રથમ ઘડિયાળનાં સ્વરૂપમાં સમયને વિચારવો.




જ્યારે પ્રશ્નમાં ખૂણો શોધવાનું કહ્યું હોય ત્યારે નીચેની બાબતો યાદ રાખવી.

12 કલાક = 360°

∴ 1 કલાક = 30°

તે મુજબ 60 મિનિટ = 30°

તો 1 મિનિટ = $\frac{30°}{60°}$

∴ 1 મિનિટ = $\frac{1°}{2}$ = 0.5°

કુલ બે પરિણામ યાદ રાખવા.

(1) 1 કલાક = 30° (2) 1 મિનિટ = 0.5°

**Step-1 :** હવે, ઉપરની આકૃતિ મુજબ 3 વાગ્યાનો કલાક કાંટો અને 30 મિનિટનો કાંટો 6 ઉપર છે ∴ 3થી 6 વચ્ચે 3 કલાકનો સમાવેશ થાય છે.

∴ 3 કલાક = 90° [1 કલાક = 30° પ્રમાણે]

DEMO COPY

**યાદ રાખો**

- કમ્પ્યૂટર ચાલુ કરવાની પ્રક્રિયાને 'બૂટિંગ' પ્રોસેસ કહે છે.
- કમ્પ્યૂટરમાં રહેલ અશુદ્ધિને 'બગ' કહે છે, જેને દૂર કરવાની પ્રક્રિયાને 'ડીબગિંગ' કહે છે.
- ચાલુ કમ્પ્યૂટરને ફરીથી ચાલુ (રિસ્ટાર્ટ) કરવાની પ્રક્રિયાને 'રિબૂટિંગ' અથવા 'વૉર્મ બૂટિંગ' કહે છે.
- કમ્પ્યૂટરને બંધ કરવા માટે 'Log off' વિકલ્પનું ચયન કરવું પડે છે.

## કમ્પ્યૂટરના ગુણધર્મો

### ઝડપ (Speed)

◆ એક સેકન્ડમાં લાખો સૂચનાઓનો અમલ કરી સમય બચાવે છે. તેને MIPS વડે મપાય છે.

### ચોકસાઈ (Accuracy)

◆ કમ્પ્યૂટર ભૂલ કર્યા વગર 100% સાચું પરિણામ આપે જ છે.

### બહુહેતુક (Versatile)

◆ એકસાથે વિવિધ કાર્યો જેવાં કે, designing, gaming, animations, accounting કરી શકે છે.

### એકાગ્રતા (Concentration)

◆ કમ્પ્યૂટર લાંબા સમય સુધી કંટાળ્યા વગર એકાગ્રતાથી કાર્ય કરે છે.

### સંગ્રહશક્તિ (Storage Capacity)

◆ તેમાં માહિતીનો વિશાળ માત્રામાં જરૂરિયાત મુજબ સંગ્રહ કરી, ભવિષ્યમાં યોગ્ય સમયે ઉપયોગ કરી શકાય છે.

### સુરક્ષિત (Secure)

◆ કમ્પ્યૂટરમાં માહિતીને સુરક્ષિત રીતે પાસવર્ડ (Password) દ્વારા સાચવી શકાય છે.

## કમ્પ્યૂટરના ઉપયોગો

◆ હાલમાં મોટા ભાગે બધાં જ ક્ષેત્રોમાં કમ્પ્યૂટર મહત્ત્વની ભૂમિકા ભજવે છે, જેમાંનાં મુખ્ય ક્ષેત્રો નીચે મુજબ છે :

1. બેન્કિંગ અને વીમો
2. શિક્ષણ
3. વ્યવસાય
4. સંશોધન અને વિકાસ
5. સરકારી મંત્રાલયો
6. પરિવહન
7. સંરક્ષણ
8. મેડિકલ
9. હવામાન
10. માહિતીસંચાર
11. ડિઝાઇનિંગ
12. વિવિધ ઉદ્યોગો

## કમ્પ્યૂટરનો ઇતિહાસ

| શોધ | શોધક | મહત્ત્વની બાબતો |
|---|---|---|
| એબેકસ | ચીન (આશરે ઈ.સ. પૂર્વે 2700-2300) | ◆ વિશ્વનું પહેલું ગણનયંત્ર જેમાં સરવાળા, બાદબાકી તેમજ વર્ગમૂળને લગતી ગણતરીઓ થતી હતી.<br>◆ આમાં લાકડાની ચોરસ ફ્રેમમાં તારની અંદર મણકા ફિટ કરવામાં આવેલા. |
| નેપિયર્સ બોન્સ | જ્હોન નેપિયર (ઈ.સ. 1617) | ◆ ખૂબ જ ઝડપથી ગુણાકારની ગણતરી કરતું.<br>◆ 0 થી 9 અંકોનો ઉપયોગ |
| પાસ્કલાઇન | બ્લેઝ પાસ્કલ (ઈ.સ. 1642) | ◆ વિશ્વનું પહેલું મિકેનિકલ કેલ્ક્યુલેટર મશીન |
| જેકાર્ડ લૂમ | જોસેફ મેરી જેકાર્ડ (ઈ.સ. 1801) | ◆ સૌપ્રથમ પંચકાર્ડનો ઉપયોગ<br>◆ કાપડ પર ડિઝાઇન તૈયાર કરવામાં ઉપયોગી |
| ડિફરન્સ એન્જિન | ચાર્લ્સ બેબેજ (ઈ.સ. 1822) | ◆ પ્રથમ ઓટોમેટિક યાંત્રિક કેલ્ક્યુલેટર |

DEMO COPY

◆ **માઇક્રો કમ્પ્યૂટર** : આ પ્રમાણમાં નાનાં અને સસ્તાં હોય છે, જે અંગત ઉપયોગ તથા ઑફિસના કામ કરવા ઉપયોગી છે, તેમાં માઇક્રોપ્રોસેસરનો ઉપયોગ થાય છે તથા સંગ્રહશક્તિ અને ઝડપ સૌથી ઓછી હોય છે. ઉદા., ટેબલેટ, પર્સનલ કમ્પ્યૂટર (PC), લેપટોપ વગેરે.

**યાદ રાખો**

- **સૌથી વધુ સુપર કમ્પ્યૂટર ધરાવતા દેશો :** (1) ચીન-206 કમ્પ્યૂટર, (2) USA-124 કમ્પ્યૂટર, (3) જાપાન-36 કમ્પ્યૂટર
- ભારત પાસે 15 સુપર કમ્પ્યૂટર છે.
- **2 ડિસેમ્બર :** વિશ્વ કમ્પ્યૂટર સાક્ષરતા દિવસ
- **પ્રથમ રોબોટ ઑફિસ મૅનેજર :** બેટ્ટી, UK
- **પ્રથમ રોબોટ વકીલ :** રોસ (Ross), USA
- **ભારતનો સૌપ્રથમ બૅન્કિંગ રોબોટ :** લક્ષ્મી (સિટી યુનિયન બૅન્ક)
- **ભારતના સુપર કમ્પ્યૂટરનો વિશ્વમાં ક્રમ :** 39
- ‘માનવ’ ભારતનો પ્રથમ 3D પ્રિન્ટ થયેલ રોબોટ છે, જેને દિવાકર વૈશ દ્વારા બનાવવામાં આવ્યો હતો.
- **ભારતનો પ્રથમ હ્યુમન રોબોટ :** રશ્મિ
- **પોલીસ દળમાં સમાવેશ કરાવેલો પ્રથમ રોબોટ :** KP Robot (કેરલ રાજ્ય)
- આપણા ઘરનાં કે ઑફિસના કમ્પ્યૂટરને ઇન્ટરનેટ સાથે જોડવા માટે ખાસ પ્રકારના સૉફ્ટવેર વપરાય છે, જેને વેબ બ્રાઉઝર કહે છે.
- સૌપ્રથમ વેબ બ્રાઉઝર મોઝેઇક હતું, જેને 22 એપ્રિલ, 1993માં માર્ક એન્ડ્રેસન અને ઈરીક બિના દ્વારા બનાવવામાં આવ્યું હતું.
- **ક્વૉન્ટમ કમ્પ્યૂટર :** આ પ્રકારના કમ્પ્યૂટરનો વિકાસ લગભગ અંતિમ તબક્કામાં છે. આમાં દ્વિઅંકી ભાષા (Binary Bits)ના સ્થાને ક્વૉન્ટમ બીટનો ઉપયોગ કરશે.
- ભારતનાં અન્ય સુપર કમ્પ્યૂટર - મિહિર, આદિત્ય, પરમ, શિવાય, વગેરે છે.
- વિશ્વમાં પ્રથમ રોબોટ નાગરિક “સોફિયા” સાઉદી અરેબિયામાં છે.
- **વર્કસ્ટેશન્સ :** સામાન્ય રીતે ફક્ત એક જ વપરાશકર્તાને સેવા આપે છે.
- **ઈન્ફોર્મેશન ઍપ્લાયન્સિસ :** એવાં કમ્પ્યૂટર, જે ચોક્કસ પ્રકારનું “User friendly” કાર્ય કરવા બનાવવામાં આવે છે. ઉદા., સંગીત વગાડવા, ફોટોગ્રાફી માટે
- **એમ્બેડેડ (Embedded) :** એવા પ્રકારની કમ્પ્યૂટર સિસ્ટમ જેને કોઈ એક પ્રકારનું સમર્પિત કાર્ય કરવા માટે કોઈ મોટી સિસ્ટમની અંદર ફિટ કરવામાં આવે છે.

## કમ્પ્યૂટરના ઘટકો ભાગ 1 : હાર્ડવેર

### પરિચય

◆ કમ્પ્યૂટર મુખ્યત્વે બે ઘટકોનું બનેલું છે.

**(1) Hardware (હાર્ડવેર)** : કમ્પ્યૂટરના ભૌતિક ભાગો જેને જોઈ શકાય અને સ્પર્શી શકાય. ઉદા., Keyboard

**(2) Software (સૉફ્ટવેર)** : કમ્પ્યૂટરમાં કોઈ ચોક્કસ કાર્ય કરવા માટેની સૂચનાઓ કે આદેશોની ક્રમિક શ્રેણીને પ્રોગ્રામ કે સૉફ્ટવેર કહેવાય.




◆ સૌપ્રથમ Hardwareનો અભ્યાસ કરીશું. કોઈ પણ હાર્ડવેરને ઇન્સ્ટોલ કરવા માટે જે-તે ડિવાઇઝ ડ્રાઇવની જરૂર પડે છે.

DEMO COPY

# મેમરી સ્ટ્રક્ચર

## કમ્પ્યૂટર મેમરી સ્ટ્રક્ચર (Computer Memory & Strucuture)

◆ કમ્પ્યૂટરના જે ભાગમાં માહિતીનો સંગ્રહ થાય તેને "મેમરી" કહેવાય છે. આ મેમરી Cellsની બનેલી હોય છે, જેમાં કોઈ એક સમયે 0 અથવા 1 ડિજિટ સંગ્રહી શકાય.

◆ કમ્પ્યૂટર 0 ને off અને 1ને on સમજે છે.

### કમ્પ્યૂટર મેમરીના એકમ

◆ **bit :** bit એ મેમરીનો નાનામાં નાનો એકમ છે કે, જેમાં આપણે 0 અથવા તો 1 એમ બેમાંથી કોઈ એક બાઇનરી ડિજિટને સંગ્રહ કરી શકાય.

◆ **Byte :** 8 bitના સમૂહને 'Byte' તરીકે ઓળખવામાં આવે છે કે, જેમાં એક કેરેક્ટરને સ્ટોર કરી શકાય છે અને 4 bitના સમૂહને 'Nibble' કહે છે.

bit ↑

| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | = Byte/Octet |
|---|---|---|---|---|---|---|---|---|

### યાદ રાખો

● કી-બોર્ડમાં આપેલ દરેક કેરેક્ટરને સ્ટોર કરવા એક ખાસ સંજ્ઞા પદ્ધતિ (Code system)માં રૂપાંતર કરવામાં આવે છે, જેના પ્રકાર નીચે મુજબ છે :

**(i) BCD (Binary Cooled Decimal) :** 0થી 9 એમ કુલ દસ આંકડાઓને બાઈનરી કોડમાં રૂપાંતર કરવા દરેક આંકડા માટે 4 bitનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિનો જૂના કમ્પ્યૂટરમાં ઉપયોગ થતો હતો.

**(ii) EBCDIC (Extended Binary Coded Decimal Interchange Code) :** આ કોડની રચના IBM કંપનીએ કરેલ છે, જે હવે ફક્ત આ કંપની દ્વારા બનાવવામાં આવતાં મેઈન ફ્રેમ કક્ષાનાં કમ્પ્યૂટરમાં જ ઉપયોગમાં લેવાય છે.

**(iii) ASCII (American Standard Code for Information Interchange) :** આ કોડની રચના ANSI (American National Standard Institute) નામની કંપનીએ કરી. ASCII એ કોડ સિસ્ટમમાં આદર્શ પદ્ધતિ ગણાય છે, કારણ કે તે લગભગ બધાં જ કમ્પ્યૂટરમાં ઉપયોગમાં લેવાય છે.

● કી-બોર્ડનાં વિવિધ કેરેક્ટર જેવા કે, 0-9, A-Z, +, –, *, <, > દરેકને સૌપ્રથમ ASCII codeમાં રૂપાંતર કરી તે કોડને બાઈનરીમાં ફેરવવામાં આવે છે.

● દરેક કેરેક્ટરને સ્ટોર કરવા ઓછામાં ઓછાં 1 byteની જરૂર પડે છે. જેમાં કુલ 256 (0-255) અક્ષરોને સ્ટોર કરી શકાય છે.

**(iv) UNICODE :** આમાં 16 bitનો ઉપયોગ કરી 65536 જેટલાં અક્ષરોને સ્ટોર કરી શકાય છે. આની શરૂઆત ASCII codeને બદલવા માટે કરવામાં આવી છે, જે મોટા ભાગે વિશ્વની બધી ભાષાઓના અક્ષરને દર્શાવી શકે છે.

### માહિતી માપવાનાં એકમો

| માહિતીનો સંગ્રહ | એકમ | માહિતીનો સંગ્રહ | એકમ |
|---|---|---|---|
| bit | સૌથી નાનો | 1024 TB | 1 Peta Byte (PB) [$2^{50}$ bytes/$10^{15}$ B] |
| 4 bit | 1 Nibble | 1024 PB | 1 Exa Byte (EB) [$2^{60}$ bytes/$10^{18}$B] |
| 8 bit | 1 Byte | 1024 EB | 1 Zetta Byte (ZB) [$2^{70}$ bytes/$10^{21}$B] |
| 1024 byte | 1 Kilo Byte (KB) [$2^{10}$ bytes/$10^{3}$ B] | 1024 ZB | 1 Yotta Byte (YB) [$2^{80}$ bytes/$10^{24}$B] |
| 1024 KB | 1 Mega Byte (MB) [$2^{20}$ bytes/$10^{6}$ B] | 1024 YB | 1 Bronte Byte (BB) [$2^{90}$ bytes/$10^{27}$B] |
| 1024 MB | 1 Giga Byte (GB) [$2^{30}$ bytes/$10^{9}$ B] | 1024 BB | 1 Geop Byte (GB) [$2^{100}$ bytes/$10^{30}$B] |
| 1024 GB | 1 Tera Byte (TB) [$2^{40}$ bytes/$10^{12}$ B] | | |

**નોંધ :** અહીં, 1000 = $10^3$ (આશરે) લેતાં.

### મેમરી એકમો ચઢતા ક્રમમાં

◆ bit < Nibble < Byte < KB < MB < GB < TB < PB < EB < ZB < YB < BB < GB

### મેમરી એકમો ઊતરતા ક્રમમાં

◆ GB > BB > YB > ZB > EB > PB > TB > GB > MB > KB > Byte > Nibble > bit

### ગણતરી સંબંધિત પ્રશ્નો

**1.** 1 GB = _________ Byte

(A) $2^{10}$ (B) $2^{20}$

(C) $2^{30}$ (D) $2^{40}$

અહીં, 1024 Byte = 1 KB

1024 KB = 1 MB

1024 MB = 1 GB

ગણતરી કરતાં, 1 KB = 1024 B / $2^{10}$ B

1 MB = 1024 B × 1024 B

= $2^{10} \times 2^{10}$ B

1 MB = $2^{20}$ B

આજ રીતે, 1 GB = $2^{20} \times 2^{10}$ B

1 GB = $2^{30}$ B

### યાદ રાખો

● 1 GB અને 1024 Byte વચ્ચે જેટલા લેયર એટલી 2ની 10ના ગુણાંકમાં ઘાત. જેમ કે, અહીં 1024 B અને 1 GB વચ્ચે 3 લેયર આવ્યા માટે, $2^{3 \times 10}$ B = $2^{30}$ B થશે.

DEMO COPY

**જાણવા જેવું**

- **Meta (Facebook) :** 28 ઑક્ટોબર, 2021ના રોજ Facebook CONNECT 2021 Conference ખાતે માર્ક ઝુકરબર્ગે મોબાઇલ ઇન્ટરનેટના અનુગામી (Successor) તરીકે મેટાવર્સ વિઝન રજૂ કર્યું. એકબીજા સાથે જોડાયેલ ડિજિટલ જગ્યાઓનો સમૂહ, જે સૌને ભૌતિક વિશ્વમાં ન કરી શકે તેવી વસ્તુઓ કરી શકાય છે.
- આ કંપનીનું મુખ્ય કાર્ય કલ્પિત વાસ્તવિકતા (Virtual Reality) અને સંવર્ધિત વાસ્તવિકતા (Augmented Reality) દ્વારા વ્યક્તિને કલ્પિત રીતે કોઈ પણ ક્રિયા કે કોઈ પણ બીજી વ્યક્તિ કે જગ્યા સાથે જોડવાનું રહેશે.

## માઈક્રોસોફ્ટ વર્ડ (MS-WORD)

### પરિચય

- હાલના ઇલેક્ટ્રોનિક તેમજ ડિજિટલ યુગમાં પત્ર, પુસ્તક કે અહેવાલ લખવા માટે ટાઇપરાઇટર કે હસ્તલિખિત પ્રક્રિયા કરતા કમ્પ્યૂટરમાં બનાવવા સહેલાં તેમજ ફાયદાકારક છે.
- કમ્પ્યૂટરમાં આ રીતનું લખાણ કરવા ઈ.સ. 1990માં અમેરિકાની 'માઇક્રોસોફ્ટ કોર્પોરેશન' કંપની દ્વારા બનાવવામાં આવેલું સોફ્ટવેર 'માઇક્રોસોફ્ટ વર્ડ' તરીકે ઓળખવામાં આવે છે.
- નવો ડોક્યુમેન્ટ બનાવવા, પત્ર લખવા, bio-data બનાવવા કે સંપૂર્ણ પુસ્તક લખવા તેમજ લખાણ સાથે વિવિધ ગ્રાફિક ઉમેરી આકર્ષક ડોક્યુમેન્ટ બનાવવા આ વર્ડ પ્રોસેસિંગ સોફ્ટવેરનો ઉપયોગ થાય છે.

### Ms-Word ચાલુ કરવાની રીતો

1. Start Menu → All Programs → Microsoft Office → Microsoft Word 2013.
2. Desktop પર right-click → New → Microsoft Word 2013.
3. Start Menu → Search boxમાં Word લખવાથી આવતાં Microsoft Wordના વિકલ્પ પર ક્લિક કરવું.
4. Window key + Rની મદદથી Run Window ખૂલશે. તેમાં 'winword' લખવું અને Enter કી દબાવવી.

- ઉપરોક્ત કોઈ પણ રીતથી Microsoft Word ખૂલશે અને નીચે પ્રમાણેની સ્ક્રીન વિન્ડો દેખાશે.




DEMO COPY

LIBERTY PUBLICATIONS
EXPERTS IN COMPETITIVE CAREER GUIDANCE

# કણ્ડક્ટર

પરીક્ષા માટે ઉપયોગી લિબર્ટી સહાયક




પુસ્તક ખરીદવા માટે અહીં ક્લિક કરો